Tuesday
21.04.2026
✳Volume :10 ✳ Issue No.284
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

KAMALAM

RNI No.:GUJGUJ/2016/73451

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

પ્રધાનમંત્રી ૨૧ એપ્રિલે રાજસ્થાનની મુલાકાત લેશે

પ્રધાનમંત્રી બાલોતરાના પચપદરા ખાતે ભારતનું પ્રથમ ગ્રીનફિલ્ડ ઇન્ટિગ્રેટેડ રિફાઇનરી-કમ-પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સ રાષ્ટ્રને સમર્પિત કરશે

- **9 MMTPA ગ્રીનફિલ્ડ રિફાઇનરી-કમ-પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સ ૭૯,૪૫૦ કરોડથી વધુના રોકાણ સાથે બનાવવામાં આવ્યું છે**
- **આ અત્યાધુનિક કોમ્પ્લેક્સ રિફાઇનિંગ અને પેટ્રોકેમિકલ ઉત્પાદનને એકીકૃત કરે છે**
- **આ પ્રોજેક્ટ ભારતની ઊર્જા સુરક્ષાને મજબૂત બનાવવામાં અને પેટ્રોકેમિકલ્સમાં આત્મનિર્ભરતા વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવશે**

કમલમ્,
પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૨૧ એપ્રિલ, ૨૦૨૬ના રોજ રાજસ્થાનની મુલાકાત લેશે. સવારે લગભગ ૧૧:૩૦ વાગ્યે, પ્રધાનમંત્રી બાલોતરાના પચપદરા ખાતે ભારતના પ્રથમ ગ્રીનફિલ્ડ ઇન્ટિગ્રેટેડ રિફાઇનરી-કમ-પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સનું લોકાર્પણ કરશે. આ પ્રસંગે તેઓ એક જાહેર સભાને પણ સંબોધિત કરશે. આ સીમાચિહ્નરૂપ પ્રોજેક્ટ ભારતના ઊર્જા અને પેટ્રોકેમિકલ ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL) અને રાજસ્થાન સરકાર વચ્ચે સંયુક્ત સાહસ તરીકે વિકસિત, આ ગ્રીનફિલ્ડ રિફાઇનરી-કમ-પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સ વાર્ષિક ૯ મિલિયન મેટ્રિક ટન (MMTPA) ની ક્ષમતા સાથે ૭૯,૪૫૦ કરોડથી વધુના રોકાણ સાથે સ્થાપિત કરવામાં આવ્યું છે. આ અત્યાધુનિક સંકુલ રિફાઇનિંગ અને પેટ્રોકેમિકલ ઉત્પાદનને એકસાથે જોડે છે, જેની પેટ્રોકેમિકલ ક્ષમતા 2.4 MMTPA છે. રિફાઇનરીમાં નેલ્સન કોમ્પ્લેક્સિટી ઇન્ડેક્સ ૧૩.૦ અને પેટ્રોકેમિકલ ઉત્પાદન ક્ષમતા ૨૬% થી વધુ છે, જે કાર્યક્ષમતા અને ટકાઉપણાના વૈશ્વિક ધોરણોને પૂર્ણ કરે છે. આ પ્રોજેક્ટ ભારતની ઊર્જા સુરક્ષાને મજબૂત બનાવવામાં, પેટ્રોકેમિકલમાં સ્વ-નિર્ભરતા વધારવામાં અને ઔદ્યોગિક વિકાસને વેગ આપવામાં મુખ્ય ભૂમિકા ભજવશે તેવી અપેક્ષા છે. તે પ્રદેશમાં પેટ્રોકેમિકલ અને પ્લાસ્ટિક પાર્કના વિકાસ માટે એક મુખ્ય ઉદ્યોગ તરીકે સેવા આપશે, ડાઉનસ્ટ્રીમ ઉદ્યોગો અને આનુષંગિક ક્ષેત્રોને પ્રોત્સાહન આપશે, વધુમાં, રિફાઇનરી નોંધપાત્ર રોજગારીની તકો ઉત્પન્ન કરવા માટે તૈયાર છે, જે પ્રદેશના સામાજિક-આર્થિક વિકાસમાં ફાળો આપે છે.

કડોદરાના ચલથાણ ખાતે વિકાસ સંકલ્પ સભાને સંબોધિત કરતા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી

વિપક્ષોને રાજ્યમાં પૂરતા ઉમેદવાર પણ નથી મળ્યા, ૭૨૦થી વધુ બેઠકો પર ભાજપે બિનહરીફ વિજય પ્રાપ્ત કરી ઇતિહાસ રચ્યો છે -શ્રી હર્ષભાઈ સંઘવી

કોંગ્રેસ અને તેના સાથી પક્ષોની ટોળકીએ બહેનોને સંસદમાં તેમનો અધિકાર મળતો અટકાવવાનું ઘોર પાપ કર્યું છે-શ્રી હર્ષભાઈ સંઘવી

કમલમ્, કડોદરા
સુરત જિલ્લાના પલસાણા તાલુકાના કડોદરા ચલથાણ નગર પાલિકા વિસ્તારના ચલથાણ સ્વામી વિવેકાનંદ કોમ્પલેક્ષ ખાતે રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીજી ઉપસ્થિતિ વિકાસ સંકલ્પ સભા યોજાઈ હતી. જેમા ૧૬૯ બારડોલી વિધાનસભાના ધારાસભ્ય શ્રી ઈશ્વર ભાઈ પરમાર,સુરત જિલ્લા ભાજપા પ્રમુખશ્રી ભરતભાઈ રાઠોડ, જિલ્લા મહામંત્રી શ્રી જગદીશ ભાઈ પારેખ રોહિતભાઈ પટેલ અંકુરભાઈ દેસાઈ રહ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા પ્રમુખ ભરતભાઈ રાઠોડે એ સ્વાગત પ્રવચન કર્યું હતું ત્યાર બાદ ધારાસભ્ય શ્રી ઈશ્વર ભાઈ પરમાર જીએ પ્રાસંગિક ઉદ્બોધન કરતાં જણાવ્યું હતું કે કોઈ કદાચ એવું કહેતું હોય કે મને હરવવા માટે અહીં આવું પડતુ હોય એટલે એને હું કહેવામાં એટલું કેજો કે તારી વાત તારી પાસે રાખ તમે કોઈને હરાવવા માટે નથી આવ્યા અમે જીતવા માટે આવ્યા છે. ત્યાર બાદ રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ વિકાસ સંકલ્પ સભાને સંબોધન કર્યું હતું. આ પ્રસંગે શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, ભારે ગરમીમાં પણ ઉમટી પડેલી જનમેદનીએ સાબિત કરેછે કે જનતા વિકાસને સમર્થન કરવા માટે પ્રતિબદ્ધ છે.

વિપક્ષ પણ મતદારોનો મિજાજ પારખી ગયો છે. વિપક્ષોને રાજ્યમાં પૂરતા ઉમેદવાર પણ નથી મળ્યા, ૭૨૦થી વધુ બેઠકો પર ભાજપે બિનહરીફ વિજય પ્રાપ્ત કરી ઇતિહાસ રચ્યો છે. ગુજરાત ની અસ્મિતાને ઠેસ પહોંચાડનાર લોકોનો હિસાબ ગુજરાત ની જનતા જાેકરશે. તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દેશની રાજનીતિમાં વહેલી તકે મહિલાઓની ભાગીદારી વધારવા ના ઉમદા આશય સાથે નારીશક્તિ વંદન અધિનિયમ સંશોધન બિલ લાવ્યા હતાં.

કોંગ્રેસ અને તેના સાથી પક્ષોની ટોળકીએ બહેનોને સંસદમાં તેમનો અધિકાર મળતો અટકાવવાનું ઘોર પાપ કર્યું છે. ગુજરાતની માતાઓ-બહેનો આ મહિલા વિરોધી લોકોને ઓળખી ગઈ છે. શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું કે, કોંગ્રેસના શાસનમાં ગામડાઓમાં પાણી સુદ્ધા પહોંચતું નહોતું, જ્યારે મોદીજીએ 'નળ સે જળ' યોજના દ્વારા ઘરે-ઘરે પાણી પહોંચાડવાનું ભગીરથ કાર્ય કર્યું છે. ખેડૂતોને કિસાન સન્માન નિધિ દ્વારા વર્ષે ૬ હજાર રૂપિયા સીધા ખાતામાં મળી રહ્યા છે. તેમણે યુવાનો, મહિલાઓ સહિત સમાજના પ્રત્યેક વર્ગ માટે ભાજપા સરકારે કરેલા વિવિધ કાર્યો અંગે વિગતવાર જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે, ભાજપા સરકાર નાગરીકોને વધુમાં વધુ સુવિધા આપી જીવનસ્તર સુધારવાના કામને સતત આગળ વધારી રહી છે. વિપક્ષ દ્વારા માત્ર મત મેળવવા માટે આ પ્રવા માં આવતા પ્રલોભનોમાં આવ્યા સિવાય કોંગ્રેસના પંજાને અન્ય પક્ષનો સફાયો કરીને વલસાડ ની જનતા વિકાસની આ યાત્રામાં અડીખમ રહીને ભાજપાને વિજયી બનાવશે. આ કાર્યક્રમમાં ૧૬૯ બારડોલી વિધાનસભા ધારાસભ્ય શ્રી ઈશ્વર ભાઈ પરમાર,સુરત જિલ્લા ભાજપા પ્રમુખશ્રી ભરતભાઈ રાઠોડ, જિલ્લા મહામંત્રી શ્રી જગદીશ ભાઈ પારેખ રોહિતભાઈ પટેલ અંકુરભાઈ દેસાઈ તથા સુરત જિલ્લા,કડોદરા નગર, પલસાણા તાલુકા, હોદ્દેદારો, પદાધિકારીઓ, કાર્યકર્તાઓ,તેમજ કડોદરા ચલથાણ ના નગરજનો , મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપાને છેલ્લા ત્રણ દાયકાથી પ્રજાનો અપાર વિશ્વાસ અને જનસમર્થન મળ્યું છે તેના મૂળમાં કાર્યકરોની મહેનત અને સક્રિયતા છે-શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ

કમલમ્,
રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં આગામી મહાનગરપાલિકાની ચુંટણી સંદર્ભે કર્ણાવતી મહાનગરનો બોડકદેવ તથા થલતેજ વોર્ડનું જનસમર્થન સંમેલન યોજાયું હતું. શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે વિસ્તારમાં સમાવિષ્ટ સોસાયટીઓના ચેરમેન તથા સેક્રેટરી સહિત પક્ષના આગેવાનો, અગ્રણીઓ અને કાર્યકર્તાઓ સાથે સંવાદ સાધ્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે તેમના સંબોધનમાં પટેલ રાજ્ય અને વિશેષ કરીને કર્ણાવતી મહાનગરમાં થઈ રહેલા વિકાસકાર્યોની અંગે છણાવટ કરી હતી. વધુમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના વિસ્તારના પ્રશ્નો અને વિકાસકાર્યો અંગે સતત ચિંતા કરી કાર્યરત રહેછે અનેજરૂરી માર્ગદર્શન આપી સમસ્યાનું નિવારણ લાવવા માં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પ્રજાના પ્રતિનિધિ કેવા હોવા જોઈએ તે નું ઉત્કૃષ્ટ ઉદાહરણ શ્રી અમિતભાઈ શાહ છે. વધુમાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, ભારતીય જનતા પાર્ટીને છેલ્લા ત્રણ દાયકાથી પ્રજાનો અપાર વિશ્વાસ અને જનસમર્થન મળ્યું છે તેના મૂળમાં કાર્યકરોની મહેનત અને સક્રિયતા છે. આજે રાજ્યનું બજેટ ૪ લાખ કરોડ રૂપિયાના વિક્રમી આંકડે પહોંચ્યું છે. રાજ્યમાં દરેક ક્ષેત્રે વિકાસ થઈ રહ્યો છે. રાજ્યમાં રજીસ્ટર્ડ સેક્ટરની શરૂઆતમાં સંખ્યા ૧.૮૧ લાખ હતી જ્યારે આજે ૨૭ લાખને પાર થઈ છે. શ્રી પટેલે કહ્યું કે, સ્નેમનવેલ્થ ગેમ્સની યજમાની મળેલી તે આપણા સૌ માટે ગૌરવની વાત છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ અમદાવાદને દુનિયાના નકશામાં પ્રસ્થાપિત કર્યું છે અને કોમનવેલ્થ ગેમ્સના આયોજન થી અમદાવાદની વિશ્વસ્તરે ઓળખ વધુ મજબૂત બનશે. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે એ ઉપસ્થિત સૌને આ ગામી ચૂંટણીમાં જંગી મતદાન કરી ભાજપાના ઉમેદવારોને પ્રચંડ બહુમતીથી જીતાડવા અપીલ કરી હતી. આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ શ્રી પ્રેરકભાઈ શાહ, પ્રદેશના મુખ્ય પ્રવક્તાશ્રી ડૉ.અનિલભાઈ પટેલ, ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો, આગેવાનો, અગ્રણીઓ અને કાર્યકરો, સ્થાનિક સોસાયટીના ચેરમેન-સેક્રેટરી સહિત મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના વાવડી-આદ્રી ગામે 'વિકાસ સંકલ્પ સભા' ને સંબોધિત કરતા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

કોંગ્રેસની પ્રાંતવાદ, ભાષાવાદ અને જ્ઞાતિવાદની રાજનીતિને જાકારો આપીને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વિકાસવાદને કેન્દ્રસ્થાને રાખ્યો છે-શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

- **પડકારની સામે પરિશ્રમ કરીને પરિણામ આપે એ ભાજપા કાર્યકર્તા છે**
- **કોંગ્રેસના અલ્પ અંતરથી ચુંટાયેલા ધારાસભ્ય નિષ્ક્રિય, વેરાવળનો વિકાસ ભાજપાના જાગૃત સંગઠન અને ભાજપા સાંસદની સક્રિયતાના પરિણામે થયો છે**
- **કોસ્ટલ હાઈવેના નિર્માણથી કનેક્ટિવિટી વધવાથી વિસ્તારમાં વિકાસને નવી દિશા મળશે**
- **ખારવા સમાજના અગ્રણી અને કોંગ્રેસના નેતા શ્રી લલિતભાઈ લખમભાઈ તેમજ પૂર્વ તાલુકા પંચાયત કોંગ્રેસ નેતા શ્રી પરબતભાઈ મેરુભાઈ સોલંકી પોતાના સેંકડો સમર્થકો સાથે ભાજપામાં જોડાયા**

કમલમ્,
ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના વાવડી-આદ્રી ગામે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં ભાજપા ઉમેદવારોના સમર્થનમાં ભવ્ય જનમેદનીની ઉપસ્થિતિ વચ્ચે 'વિકાસ સંકલ્પ સભા' યોજાઈ હતી. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ તેમના સંબોધનમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વને વખાણતાં જણાવ્યું કે, કોંગ્રેસના સમયમાં રાજકારણ પ્રાંતવાદ, ભાષાવાદ અને જ્ઞાતિવાદ પર આધારિત હતું, જ્યારે શ્રી મોદીજીએ આ રાજકારણને નકારીને વિકાસવાદને કેન્દ્રસ્થાને મૂક્યો છે. ભાજપ અને કોંગ્રેસ શાસન વચ્ચેનો તફાવત સમજાવતા તેમણે કહ્યું કે, એક સમય એવો હતો જ્યારે લોકોને પાણી માટે મુશ્કેલીઓ ભોગવવી પડતી અને ગાંધીનગરથી પાણી માટે ટ્રેનો મોકલાતી, જ્યારે આજે ભાજપના શાસનમાં નળ ખોલતાં જ પાણી ઉપલબ્ધ થાય છે.

સૌની યોજના દ્વારા સૌરાષ્ટ્ર અને કચ્છ સુધી પાણી પહોંચાડવામાં આવ્યુંતે બદલ તેમણે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે વીજળી વ્યવસ્થામાં આવેલા પરિવર્તનનો પણ ઉલ્લેખ કરતાં કહ્યું કે, અગાઉ લોકો રાત્રે જમવા સમયે પણ વીજળી માટે તરસતા હતા, જ્યારે આજે રાજ્યમાં ૨૪ કલાક વીજ પુરવઠો ઉપલબ્ધ છે. દરિયાકાંઠાના વિકાસ અંગે વાત કરતાં તેમણે કોસ્ટલ હાઈવેના નિર્માણથી વિસ્તારની કનેક્ટિવિટી વધશે અને વિકાસને નવી દિશા મળશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો. સાથે જ તેમણે જણાવ્યું કે ભાજપ માટે ગીર સોમનાથ જિલ્લો રાજ્યનો અંતિમ નહીં પરંતુ પ્રથમ પ્રાથમિકતાનો જિલ્લો છે. ખેડૂતોના હિત માટે ભાજપ સરકાર દ્વારા કરવા માં આવેલા વિવિધ પ્રયાસોની ચર્ચા કરતાં તેમણે કિસાન સમ્માન નિધિ, તાજેતરની અતિવૃષ્ટિમાં જાહેર કરાયેલ ઐતિહાસિક ૧૦,૦૦૦ કરોડના પેકેજ તેમજ ટેકાના ભાવે ખરીદી માટે જાહેર કરાયેલા ૧૫,૦૦૦ કરોડના ઉપાયોની માહિતી આપી. પ્રાકૃતિક ખેતીને ભવિષ્યનો માર્ગ ગણાવી તેમણે ગુજરાત સરકાર અમૂલ ડેરીના સહયોગથી તેને પ્રોત્સાહન આપી રહી છે તે બાબત પણ સમજાવી. શ્રી વિશ્વકર્માએ ભાજપ સરકાર હેઠળ થયેલા સાંસ્કૃતિક વિકાસ અંગે ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, મોદીજીના માર્ગદર્શન હેઠળ સોમનાથ પર્વની ભવ્ય ઉજવણી કરવા માં આવી, સોમનાથ કોરિડોરનું નિર્માણ થયું, અંબાજી યાત્રાધામનો વિકાસ થયો તેમજ પાવાગઢ ખાતે ૪૫૦ વર્ષ બાદ ધ્વજારોહણ થયું. આ ઉપરાંત ૫૦૦ વર્ષ બાદ ભવ્ય રામમંદિરનું નિર્માણ, કાશી કોરિડોર અને મહાકાલ કોરિડોર જેવા ઐતિહાસિક વિકાસ કાર્યો પૂર્ણ કરવામાં આવ્યા છે. સભાને સંબોધતા શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ વિસ્તારમાં વિકાસ મુદ્દે કોંગ્રેસના ખૂબ અલ્પ અંતરથી ચૂંટાયેલા ધારાસભ્યની નિષ્ક્રિયતા અંગે વાત કરી અને કહ્યું કે, વેરાવળનો વિકાસ ભાજપાના જાગૃત સંગઠન અને સાંસદની સક્રિયતાના પરિણામે થયો છે. ભાજપા આજે વિશ્વનો સૌથી મોટો રાજકીય પક્ષ બન્યો છેતેના પાયામાં ભાજપાનો કાર્યકર્તા છે. પડકારની સામે પરિશ્રમ કરીને પરિણામ આપે એ ભાજપા કાર્યકર્તા છે. કાર્યક્રમ દરમિયાન ખારવા સમાજના અગ્રણી અને કોંગ્રેસના નેતા શ્રી લલિતભાઈ લખમભાઈ તેમજ પૂર્વ તાલુકા પંચાયત કોંગ્રેસ નેતા શ્રી પરબતભાઈ મેરુભાઈ સોલંકી પોતાના સેંકડો સમર્થકો સાથે ભાજપામાં જોડાયા હતાં. આ પ્રસંગે પ્રદેશ ભાજપ પ્રકોષ્ઠ પંચ મોરચાના પ્રમુખ શ્રી માનસિંહભાઈ પરમાર, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી સંજયભાઈ પરમાર, વેરાવળ તાલુકા પ્રમુખ શ્રી પ્રદ્યુમ્ન ડાંગેયા સહિતના આગેવાનો, અગ્રણીઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ તથા જનસમુદાય ઉપસ્થિત રહ્યો હતો.

તંત્રી સ્થાનેથી......

કેન્દ્ર સરકારના 'પોષણ અભિયાન'ને જન આંદોલન બનાવી કુપોષણ મુક્ત રાષ્ટ્રના સંકલ્પને સાકાર કરવા ગુજરાત વધુ સજ્જ બન્યું છે. મહિલા અને બાળ વિકાસ વિભાગના ઉપક્રમે વિવિધ વિભાગોના સહયોગથી તા. ૯ થી ૨૩ એપ્રિલ, ૨૦૨૬ દરમિયાન ૮મા પોષણ પખવાડિયાની દર વર્ષની જેમ ઉજવણી કરવામાં આવી રહી છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોના મગજના સર્વાંગી વિકાસ માટે સમુદાયને સશક્ત બનાવવાનો છે, તેમ વિભાગની યાદીમાં જણાવવામાં આવ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા આ વર્ષના પોષણ પખવાડિયાની થીમ "જીવનના પ્રથમ છ વર્ષમાં મગજના વિકાસને મહત્તમ બનાવવાનો" નક્કી કરવામાં આવી છે. વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી જોઈએ તો મગજનો ૮૫ ટકાથી વધુ વિકાસ બાળકની ૬ વર્ષની ઉંમર સુધીમાં થઈ જાય છે. જે આવશ્યક પોષણ, સંવેદનશીલ સાર-સંભાળ અને પ્રારંભિક શિક્ષાના મહત્વને ચિહ્નિત કરે છે. ખાસ કરીને પ્રથમ ૧૦૦૦ દિવસ બાળકની શારીરિક અને માનસિક સુખાકારી માટે સુવર્ણ તક સમાન છે, તેથી આ પખવાડિયા દરમિયાન 'સ્વાસ્થ્ય માટે પોષણ'થી એક ડગલું આગળ વધીને 'મગજના શ્રેષ્ઠ વિકાસ માટે પોષણ' પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. વધુમાં લોકભાગીદારીથી પોષણના લક્ષ્યાંકો હાંસલ કરવા પાંચ મુખ્ય સ્તંભો પર ભાર મૂકવામાં આવ્યો છે. જેમાં માતા અને બાળકનું પોષણ, ૩ વર્ષ સુધીના બાળકોના મગજના વિકાસ માટે પ્રારંભિક ઉત્તેજન, ૩ થી ૬ વર્ષ સુધીના બાળકો માટે રમત-આધારિત શિક્ષણ, સ્વસ્થ જીવનશૈલી-બાળકોમાં વધતા મોબાઈલ-ટીવી 'સ્ક્રીન ટાઈમ' ને ઘટાડી સક્રિય જીવનશૈલી તેમજ સક્ષમ આંગણવાડીઓનો સમાવેશ થાય છે. ઉપરાંત્ત , આ સમગ્ર પખવાડિયા દરમિયાન આંગણવાડીઓ દ્વારા રાજ્યવ્યાપી પ્રવૃત્તિઓ થકી ગુજરાતના ખૂણેખૂણે વિવિધ વિભાગો, આંગણવાડી કાર્યકરો, માતાઓ, પરિવારો અને સ્થાનિક અગ્રણીઓ આ ઝુંબેશમાં જોડાઈ રહ્યા છે. સોશિયલ મીડિયા અભિયાન, ક્વિઝ, પોસ્ટર મેકિંગ અને પોષણ પંચાયતો દ્વારા આ સંદેશને ઘર-ઘર સુધી પહોંચાડવામાં આવી રહ્યો છે. આ પોષણ પખવાડિયું એ માત્ર એક કાર્યક્રમ નથી. પરંતુ ગુજરાતના ઉજ્જવળ અને તંદુરસ્ત ભવિષ્યના નિર્માણ માટેનું મક્કમ પગલું છે તેમ, મહિલા અને બાળ વિકાસ વિભાગની યાદીમાં જણાવાયું છે.

માત્ર શૈક્ષણિક ડીગ્રી મેળવવાથી નહીં પરંતુ સમાજ અને રાષ્ટ્રના કલ્યાણ માટે યોગદાન આપીને જીવન ખરા અર્થમાં ચરિતાર્થ બને છે: રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

રાજ્યપાલશ્રીના હસ્તે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ચતુર્થ દીક્ષાંત સમારોહમાં ૩૬ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ અને ૧૦૯ વિદ્યાર્થીઓને પીએચ.ડી.ની પદવી એનાયત કરાઈ

કમલમ્, જૂનાગઢ

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના ચતુર્થ દીક્ષાંત સમારોહમાં લોકોનું જીવન સરળ અને સુખમય બને તે માટે ઈનોવેશનને હાથ ધરવા અને સમાજ તથા રાષ્ટ્રની ઉન્નતીમાં યોગદાન આપી જીવનને સાર્થક કરવા વિદ્યાર્થીઓને સંબોધન કર્યું હતું. જૂનાગઢના વંથલી રોડ પરના બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ખાતે આયોજિત પદવીદાન સમારોહમાં શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા કુલ ૩૬ તેજસ્વી વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત વિવિધ વિષયોમાં

સંશોધન પૂર્ણ કરનાર ૧૦૯ જેટલા વિદ્યાર્થીઓને પીએચ.ડી.ની પદવી એનાયત થઈ હતી. આ પદવીદાન સમારોહના માધ્યમથી યુનિવર્સિટીની ૬ ફેકલ્ટીના જુદા જુદા કોર્સના કુલ ૨૭,૪૭૬ વિદ્યાર્થીઓને સ્નાતક, અનુસ્નાતક અને ડિપ્લોમાની પદવી પ્રાપ્ત કરી છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, માત્ર શૈક્ષણિક ડીગ્રી મેળવવાથી નહીં પરંતુ સમાજ અને રાષ્ટ્રના કલ્યાણ માટે યોગદાન આપવાથી જીવન ખરા અર્થમાં ચરિતાર્થ બને છે. પદવી પ્રાપ્ત કરીને સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની ફરજ અને જવાબદારી અદા કરવી જોઈએ. રાજ્યપાલશ્રીએ કહ્યું કે, જીવનમાં સતત જ્ઞાનમાં અભિવૃદ્ધિ કરી ઉદાર હાથે સમાજમાં તેની વહેંચણી કરવી જોઈએ. સાથે જ સંવેદનાયુક્ત જીવન જીવવા માટે પ્રેરણા પૂરી પાડતાં કહ્યું હતું કે, સંવેદનાવિહીન જીવન પથ્થર સમાન છે, બીજાની પીડાઓ અને દુઃખ દર્દ સમજી જીવનમાં પરોપકાર, દયા, નિષ્ઠા, કર્તવ્ય જેવા ગુણોને આત્મસાત કરવા જોઈએ. રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું કે, બુદ્ધિપૂર્વક પરિશ્રમ કરવાથી જ સફળતા મેળવી શકાય છે. દુનિયામાં સત્કર્મોની સુવાસ ફેલાવી લોકોના હૃદયમાં સ્થાન મેળવવું જોઈએ. લોકોનું જીવન સરળ અને સુખમય બને તે માટે ઈનોવેશન તરફ દ્રષ્ટિ રહે તે પણ એટલું જ જરૂરી છે. રાજ્યપાલશ્રીએ સમાજમાં બદલાવ માટે આદર્શ ગામ સ્થાપિત કરવામાં સહયોગી થવા, પાણી બચાવવા, વૃક્ષો, દેશી ગાય અને પર્યાવરણના જતન સંવર્ધન ઉપરાંત શિક્ષણ માટે કાર્યો કરવા માટે પણ આહવાન કર્યું હતું. તેમણે આ સંદર્ભમાં એમ પણ કહ્યું કે, સામાન્ય લાગતી અને નાની વસ્તુઓથી જ સમાજમાં પરિવર્તન આવે છે. તેમણે ધર્મના સંદર્ભમાં જણાવ્યું કે, અસત્યથી દૂર રહી સત્યનું આચરણ કરવું જોઈએ, વ્યક્તિ પોતાના માટે જેમ માન સન્માન અને સારો વ્યવહાર ઈચ્છે છે, તે જ રીતે સમાજના દરેક વ્યક્તિ સાથે કરવું જોઈએ. સાથે જ સમાજના પ્રત્યેક વ્યક્તિની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજવી જોઈએ. રાજ્યપાલશ્રીએ વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવતા કહ્યું હતું કે, માતા પિતા અને ગુરુજનો પ્રત્યે કૃતજ્ઞતા ભાવ રાખી તેમનું સન્માન કરવું નૈતિક ફરજ પણ છે, વિદ્યાર્થીઓએ એવા ગુણ ધારણ કરવા જોઈએ જેનાથી પોતાની કીર્તિ અને સન્માનમાં વૃદ્ધિ થાય. તેમણે જણાવ્યું કે, વિદ્યાર્થીઓએ આદર્શ શોધવા માટે બહાર નજર દોડાવવાની જરૂર નથી, ગુજરાતની ભૂમિએ સમયાંતરે ગાંધીજી, સરદાર પટેલ, દયાનંદ સરસ્વતી, ભક્ત કવિ નરસિંહ મહેતા જેવા અનેક મહાપુરુષો આપ્યા છે. જેમાંથી પ્રેરણા મેળવીને જીવનને વધુ ઉન્નત બનાવી શકાય તેમ છે. આ પ્રસંગે મુખ્ય મહેમાન આઈઆઈએમના પૂર્વ પ્રોફેસર અને પદ્મશ્રી ડૉ. અનિલ કુમાર ગુપ્તાએ જણાવ્યું હતું કે, આજે તમારા જીવનનો એક અત્યંત મહત્વપૂર્ણ દિવસ છે. તમે તમારા જીવનના એક નવા યુગમાં અને સમાજમાં યોગદાન આપવા માટેના નવા તબક્કામાં પ્રવેશ કરી રહ્યા છો. તેમણે પદવીધારકોને સફળતા માટે ત્રણ મહત્વની બાબત પર ભાર આપતા કહ્યુ હતુ કે, જ્યારે બીજાનું દુઃખ આપણું પોતાનું લાગે, ત્યારે જ કંઈક નવું સર્જવાની પ્રેરણા મળે છે. ભક્ત કવિ નરસિંહ મહેતાનું પદ 'વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે' આ જ વાત શીખવે છે. તમે તમારા જ્ઞાનનો ઉપયોગ સમાજની પીડા દૂર કરવા માટે કરશો તો તમારું જીવન સાર્થક થશે. આજની પેઢી ડાઉનલોડ કરવામાં ઘણો સમય વિતાવે છે, પણ મારો તમને અનુરોધ છે કે તમે તમારો અપલોડનો રેશિયો વધારીને સતત નવા વિચારો અને જ્ઞાન વહેંચતા રહો. વિશ્વગુરુ એ જ બની શકે જે ડેટા કન્ઝ્યુમ કરવાને બદલે પોતાનું જ્ઞાન અને સંશોધન દુનિયા સાથે વહેંચે. વધુમાં કહ્યું હતું કે, ઉત્સુકતા જ ઉર્જાનો સ્ત્રોત છે. જો તમારામાં કંઈક નવું જાણવાની ઉત્સુકતા હશે, તો ઉત્સાહ જાગશે અને તેનાથી એવી ઉર્જા આવશે. જે તમને ક્યારેય થાકવા નહીં દે. આ પ્રસંગે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિ. ના વાઈસ ચાન્સેલર ડો. પ્રતાપસિંહ ચૌહાણે સ્વાગત સંબોધનમાં જણાવ્યુ હતુ કે, વર્ષ ૨૦૧૫માં સ્થાપિત ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી એ એક દાયકામાં ખૂબ જ પ્રગતિ કરી છે. ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિ. ૪ જિલ્લાની ૨૪૬ સંલગ્ન કોલેજો સાથે જોડાયેલી છે. ખાસ કરીને લાઈફ સાયન્સ, વાઈલ્ડ લાઈફ અને કેમેસ્ટ્રી જેવા વિભાગોમાં આ યુનિવર્સિટી ગુજરાતભરમાં અગ્રેસર છે.

છેલ્લા પાંચ વર્ષમાં અધ્યાપકો દ્વારા ૧૫૦થી વધુ રિસર્ચ આર્ટિકલ્સ પ્રસિદ્ધ થયા છે. તેમણે જણાવ્યુ હતુ કે, ગુજરાતમાં સૌથી ઝડપથી એટલે કે માત્ર ૧૧ થી ૧૫ દિવસમાં પરીક્ષાના પરિણામો જાહેર કરવાનો લેન્ડમાર્ક સ્થાપિત કર્યો છે. અમારું લક્ષ્ય આગામી બે વર્ષમાં આ યુનિવર્સિટીને રિસર્ચ, પેટન્ટ અને ઈનોવેશનમાં ગુજરાતની અગ્રણી યુનિવર્સિટી બનાવવાનું છે. આ દીક્ષાંત સમારોહમાં ફેકલ્ટીવાઈઝ આર્ટસમાં ૯૮૦૫, કોમર્સમાં ૬૮૭૧, સાયન્સમાં ૧૫૨૦, હ્યુમેનીટી અને સોશ્યલ સાયન્સ-૧૧૩૭, લાઈફ સાયન્સ,-૯૯, એજ્યુકેશન-૨૫૩૪, રૂરલ સ્ટડીઝ- ૧૧૯૫, મેનેજમેન્ટ-૪૭૦, હોમ સાયન્સ-૧૫૧, મેડીસન-૪૮૩, નર્સીંગ-૨૬૬, હોમીયોપેથી-૯૫, લૉ-૭૯૯, કોમ્પ્યુટર સાયન્સ-૧૯૪૨, પીએચ.ડી. ઓલ ફેકલ્ટી-૧૦૯ મળીને એમ કુલ ૨૭૪૭૬ વિદ્યાર્થી પદવી પ્રાપ્ત કરી છે. આ પ્રસંગે આભારવિધિ યુનિ. ના કુલસચિવ ડૉ. રમેશ પરમારે કરી હતી. આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી સંજયભાઈ કોરડીયા, જિલ્લા કલેકટર શ્રી અનિલકુમાર રાણાવસિયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ.પી.પટેલ, જિલ્લા પોલીસ વડા શ્રી સુબોધ ઓડેદરા, કમિશનર શ્રી તેજસ પરમાર, પરીક્ષા નિયામક શ્રી દિલસુખ સુખડીયા, ચિલ્ડ્રન યુનિ.ના વાઈસ ચાન્સેલર ડૉ. જોશી, કામધેનુ યુનિ.ના વાઈસ ચાન્સેલર ડૉ. ટાંક ઉપરાંત કૃષિ યુનિવર્સિટીના પ્રાધ્યાપક અને વડાશ્રીઓ તેમજ અન્ય મહાનુભાવો, ગણમાન્ય નાગરિકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માનવ એકતા દિવસ : સેવા અને આધ્યાત્મિક સમરસતા નો પવિત્ર અવસર

ગાંધીનગર ઝોન નાં રકતદાન કેમ્પનું આયોજન નાની ટુંડિયા ગામે ૨૪ એપ્રિલે કરવામાં આવશે

કમલમ્,

જ્યારે માણસના હૃદયમાં પ્રેમનો પ્રવાહ વહે અને આત્મા એકત્વના ભાવ સાથે ખીલી ઉઠે ત્યારે માનવતાનો વાસ્તવિક અને પાવન સ્વરૂપ પ્રગટે છે. આ એ સ્થિતિ હોય છે જ્યાં તમામ ભેદભાવ ખતમ થઈ જાય છે અને ભાઈચારાનો ભાવ જાગી ઉઠે છે. આ હેતુને સિદ્ધ કરવા માટે સંત નિરંકારી મિશન દ્વારા બાબા ગુરબચનસિંહજી ની યાદમાં 'માનવ એકતા દિવસ' ૨૪ એપ્રિલ ૨૦૨૬ ના રોજ રક્તદાન શિબિર અને સત્સંગના આયોજન કરવામાં આવશે. સતગુરુ માતા સુદિક્ષાજી મહારાજ અને નિરંકારી રાજ પિતા રમિત જી ની પાવન ઉપસ્થિતિમાં દિલ્હીના બુરાડી સ્થિત સરોવરની સામે ગ્રાઉન્ડ નંબર : ૨ માં એક ભવ્ય અને દિવ્ય સત્સંગનું આયોજન કરવામાં આવશે. આ સાથે સવારે ૮:૦૦ થી ૨:૦૦ વાગ્યા સુધી રક્તદાન શિબિર નું આયોજન સંત નિરંકારી ચેરીટેબલ ફાઉન્ડેશન ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવશે. આ કેમ્પમાં હજારો શ્રદ્ધાળુઓ નિસ્વાર્થ ભાવે રક્તદાન કરી માનવ જીવનની રક્ષા કાજે અમૂલ્ય યોગદાન અર્પણ કરશે. સંત નિરંકારી મિશન દ્વારા ચાર દાયકાઓ થી રક્તદાન શિબિરો નું સફળ આયોજન કરવામાં આવી રહ્યુ છે. મિશન ની પોતાની બ્લડ બેંક મુંબઈમાં સેવાનું કાર્ય કરી રહી છે. ગાંધીનગર ઝોનમાં પણ દર વર્ષે રક્તદાન કેમ્પની સાથે સત્સંગનું આયોજન પણ કરવામાં આવતું હોય છે.

આ વખતે ગાંધીનગર ઝોનની શાખા નાની ટુંડિયા ગામે આ આયોજન તારીખ ૨૪ એપ્રિલ ૨૦૨૬ શુક્રવારે સવારે ૮:૦૦થી ૨ વાગ્યા સુધી રેડ ક્રોસ સોસાયટી અમદાવાદના સહયોગથી કરવામાં આવશે જેમાં ગાંધીનગર સહિત તમામ બ્રાન્ચો ના શ્રદ્ધાળુઓ હાજર રહેશે. તો આ પરોપકાર ના કાર્યમાં વધુમાં વધુ લોકો રક્તદાન કરી માનવ સેવાના કાર્યને સફળ બનાવે તેવી વિનંતી ગાંધીનગર ઝોનના ઝોનલ ઈન્ચાર્જ સોહનબીરસિહ બલિયાન દ્વારા કરવામાં આવેલ છે. વધુ માહિતી માટે તેમના સંપર્ક નંબર:૯૫૩૬૭૦૩૪૮૭ અથવા મન્છાબેન ચુઘજી (મુખી ગાંધીનગર બ્રાન્ચ) સંપર્ક નંબર: ૭૪૦૫૧૫૫૭૦૨ ઉપર સંપર્ક કરવો તેમ પ્રેસ મીડિયા સહાયક કનૈયાલાલ દેવાણી ની યાદીમાં જણાવાયું છે.

રાજકોટ કુંડલિયા કોલેજની વિદ્યાર્થિનીઓએ ૨૬ એપ્રિલે અચૂક મતદાનની પ્રતિજ્ઞા લીધી

કમલમ્, રાજકોટ

આગામી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ-૨૦૨૬માં યુવા મતદારોની ભાગીદારી વધારવા અને જનજાગૃતિ લાવવાના હેતુથી રાજકોટમાં 'સ્વેપ' પ્રવૃત્તિઓ વેગવંતી બની છે. જે અંતર્ગત શહેરની એમ.જે. કુંડલિયા આર્ટ્સ એન્ડ કોમર્સ મહિલા કોલેજ ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના NSS (રાષ્ટ્રીય સેવા યોજના) યુનિટ ૧ અને ૨ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં બંને યુનિટના પ્રોગ્રામ ઓફિસરશ્રીઓએ હાજર રહીને વિદ્યાર્થિનીઓને મતાધિકારના મૂલ્ય અને લોકશાહીમાં તેની અનિવાર્યતા વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે કોલેજની NSS સ્વયંસેવિકાઓએ એકત્ર થઈને આગામી ચૂંટણીમાં અચૂક મતદાન કરવા માટેના શપથ લીધા હતા. અત્રે નોંધનીય છે કે, આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ-૨૦૨૬ અંતર્ગત મતદાન તા. ૨૬/૦૪/૨૦૨૬ અને તા. ૨૮/૦૪/૨૦૨૬ના રોજ મત ગણતરી હાથ ધરાશે.

ઓડિશામાં ભારતના પ્રથમ એડ્વાન્સ્ડ 3D સેમિકન્ડક્ટર પેકેજિંગ યુનિટનું ભૂમિપૂજન; AI, 5G અને સંરક્ષણ ટેકનોલોજીને મોટું પ્રોત્સાહન

સેમિકન્ડક્ટર અને ઇલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગમાં ભારતને આત્મનિર્ભર બનાવવાના પ્રધાનમંત્રી મોદીના વિઝનને શક્તિ આપવા માટે ઓડિશા તૈયાર છે: મુખ્યમંત્રી મોહન ચરણ માઝી

મજબૂત ઇલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ પુશ સાથે ઓડિશા ઝડપથી વિકસતા IT અને સેમિકન્ડક્ટર હબ તરીકે ઉભરી આવ્યું છે: કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ

કમલમ્,

ભારતની સેમિકન્ડક્ટર મહત્વાકાંક્ષાઓ અને ભાવિ-તૈયાર ટેકનોલોજી ડેસ્ટિનેશન તરીકે ઓડિશાના ઉદ્ભવ માટે એક નિર્ણાયક ક્ષણમાં, દેશના પ્રથમ એડવાન્સ્ડ 3D ચિપ પેકેજિંગ યુનિટનો શિલાન્યાસ આજે ઈન્ફો વેલી, ભુવનેશ્વર ખાતે કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટ ભારતના સ્થાનિક સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમને મજબૂત કરવા અને હાઈ-એન્ડ ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગમાં આત્મનિર્ભર ભારતના વિઝનને આગળ વધારવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. મુખ્યમંત્રી શ્રી મોહન ચરણ માઝી અને રેલવે, ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી તેમજ માહિતી અને પ્રસારણ કેન્દ્રીય મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવની હાજરીમાં 'હેટ્રોજેનિયસ ઈન્ટિગ્રેશન પેકેજિંગ સોલ્યુશન્સ' (Haerogeneous Integtration Packaging Solutions) પ્રોજેક્ટનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો, જેને 3D ગ્લાસ સોલ્યુશન્સ (3D Glass Solutions) દ્વારા પ્રમોટ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટના લોન્ચિંગ સાથે, ઓડિશા વિશ્વની સૌથી અત્યાધુનિક ચિપ પેકેજિંગ ટેક્નોલોજીમાંની એકનું ઘર બનવા માટે તૈયાર છે.

સભાને સંબોધતા મુખ્યમંત્રી શ્રી મોહન ચરણ માઝીએ આ પ્રોજેક્ટને ઓડિશા અને રાષ્ટ્ર માટે એક ઐતિહાસિક સીમાચિહ્ન ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે ભારતમાં પ્રથમ વખત એડવાન્સ્ડ 3D ગ્લાસ સોલ્યુશન્સ સેમિકન્ડક્ટર પ્રોજેક્ટની સ્થાપના કરવામાં આવી રહી છે, જે રાજ્ય માટે અપાર ગૌરવની વાત છે. તેમણે નોંધ્યું હતું કે ઈન્ટેલ (Intel), લોકહીડ માર્ટિન (Lockheed Martin) અને એપ્લાઈડ મટીરિયલ્સ (Applied Materials) જેવા વૈશ્વિક ટેક્નોલોજી લીડર્સ અદ્યતન પેકેજિંગ ટેક્નોલોજી સાથે સંકળાયેલા છે અને ઓડિશામાં તેમનો રસ રાજ્યની વધતી જતી ઔદ્યોગિક શક્તિને પ્રતિબિંબિત કરે છે. મુખ્યમંત્રીએ રેખાંકિત કર્યું હતું કે રાજ્યમાં ઉત્પાદિત ઉત્પાદનો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, હાઈ-પર્ફોર્મન્સ કોમ્પ્યુટિંગ, સંરક્ષણ ઈલેક્ટ્રોનિક્સ, ટેલિકોમ્યુનિકેશન્સ અને અદ્યતન ડિજિટલ સિસ્ટમ્સ જેવા આગામી પેઢીના ક્ષેત્રોને ટેકો આપશે. તેમણે ઉમેર્યું હતું કે, "સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગમાં ભારતને આત્મનિર્ભર બનાવવાના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝનને સાકાર કરવામાં ઓડિશા મુખ્ય ભૂમિકા ભજવવા માટે તૈયાર છે." શ્રી માઝીએ માહિતી આપી હતી કે કંપની આ પ્રોજેક્ટમાં અંદાજે ૨,૦૦૦ કરોડનું રોકાણ કરી રહી છે અને આ સુવિધા વાર્ષિક ૭૦,૦૦૦ ગ્લાસ પેનલ્સ તેમજ ૫૦ મિલિયન એસેમ્બલ યુનિટ્સ અને આશરે ૧૩,૦૦૦ એડવાન્સ્ડ 3DHI મોડ્યુલ્સનું ઉત્પાદન કરે તેવી અપેક્ષા છે. તેમણે ઉમેર્યું હતું કે ઓડિશા દેશનું એકમાત્ર એવું રાજ્ય બનીને ઉભરી આવ્યું છે જ્યાં ભારતનું પ્રથમ કમ્પાઉન્ડ સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન યુનિટ અને પ્રથમ 3D ગ્લાસ સબસ્ટ્રેટ પેકેજિંગ સુવિધા બંને સ્થાપિત કરવામાં આવી રહ્યા છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ઓડિશામાં વિકસતું સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ એન્જિનિયરિંગ ગ્રેજ્યુએટ્સ, ડિપ્લોમા ધારકો અને વિદ્યાર્થીઓ માટે મોટા પાયે રોજગારીની તકો ખોલશે, જે રાજ્યને સંસાધન-આધારિત અર્થતંત્રમાંથી ટેકનોલોજી-આધારિત વિકાસ કેન્દ્રમાં રૂપાંતરિત કરવામાં મદદ કરશે. સભાને સંબોધતા કેન્દ્રીય મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે આ સીમાચિહ્નરૂપ પહેલ બદલ ઓડિશાના લોકોને અભિનંદન પાઠવ્યા હતા અને રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલા સહકારની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝનરી નેતૃત્વ હેઠળ, ભારતનું સેમિકન્ડક્ટર ક્ષેત્ર ઝડપી વૃદ્ધિ જોઈ રહ્યું છે, જેમાં ઓડિશા આ પરિવર્તનમાં મહત્વપૂર્ણ યોગદાનકર્તા તરીકે ઉભરી રહ્યું છે. શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે, ઓડિશા જે પરંપરાગત રીતે ખનિજો, ધાતુઓ અને ઉર્જામાં તેની શક્તિ માટે જાણીતું છે, તે હવે ઈલેક્ટ્રોનિક્સ, IT અને સેમિકન્ડક્ટર્સ જેવા અદ્યતન ક્ષેત્રોમાં સતત પોતાની ઓળખ બનાવી રહ્યું છે. આ પ્રોજેક્ટને તેના પ્રકારની સૌથી અદ્યતન મેન્યુફેક્ચરિંગ પહેલોમાંની એક ગણાવતા તેમણે કહ્યું કે તે ભારતની સેમિકન્ડક્ટર વેલ્યુ ચેઈનને નોંધપાત્ર રીતે મજબૂત કરશે. ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગમાં દેશની પ્રગતિ પર પ્રકાશ પાડતા શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે છેલ્લા ૧૨ વર્ષમાં આ ક્ષેત્રમાં ઉત્પાદનમાં છ ગણો વધારો થયો છે. તેમણે ઉમેર્યું હતું કે, "ભારત હવે વિશ્વનો બીજા નંબરનો સૌથી મોટો મોબાઈલ ફોન ઉત્પાદક દેશ બન્યો છે અને ૨૦૨૫ માં મોબાઈલ ફોનનો અગ્રણી નિકાસકાર તરીકે ઉભરી આવ્યો છે." તેમણે વધુમાં માહિતી આપી હતી કે ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન હેઠળ ઓડિશા માટે બે સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સ પહેલેથી જ મંજૂર કરવામાં આવ્યા છે, જ્યારે અન્ય ત્રણ ઈલેક્ટ્રોનિક્સ અને સેમિકન્ડક્ટર સંબંધિત દરખાસ્તો પાઈપલાઈનમાં છે. તેમણે ઉલ્લેખ કર્યો કે, "રાજ્યમાં ભાવિ રોકાણ માટે ઈન્ટેલ (Intel) સહિતની મોટી વૈશ્વિક કંપનીઓ સાથે પણ ચર્ચા ચાલી રહી છે." રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર બોલતા શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે હાલમાં ઓડિશામાં ૯૦,૦૦૦ કરોડથી વધુના પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે, જે રેલ કનેક્ટિવિટીના અભૂતપૂર્વ વિસ્તરણને પ્રતિબિંબિત કરે છે. તેમણે ઉમેર્યું હતું કે રાજ્યને ૧૦,૯૨૮ કરોડની રેકોર્ડ રેલવે બજેટ ફાળવણી મળી છે, જ્યારે અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ૫૯ સ્ટેશનોનો પુનઃવિકાસ કરવામાં આવી રહ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આયોજિત હસ્તક્ષેપ દ્વારા ઓડિશાના તમામ ૩૦ જિલ્લાઓને રેલ કનેક્ટિવિટી હેઠળ લાવવામાં આવી રહ્યા છે, સાથે બાલાસોરથી બેરહામપુર સુધીના સૂચિત ફોર-લાઈન કોસ્ટલ રેલ કોરિડોર જેવા મુખ્ય પ્રોજેક્ટ્સ પણ સામેલ છે. શ્રી વૈષ્ણવે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ પરિવર્તનકારી પહેલો પ્રાદેશિક કનેક્ટિવિટી મજબૂત કરશે, આર્થિક વૃદ્ધિને ટેકો આપશે અને ઓડિશાને રાષ્ટ્રીય નૂર (freight) અને પેસેન્જર નેટવર્ક સાથે વધુ નજીકથી જોડશે. સરકારના વિઝનનો પુનરોચ્ચાર કરતા તેમણે ખાતરી આપી હતી કે સમગ્ર ઓડિશામાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગતિ, સલામતી અને મુસાફરોની સુવિધા પર ધ્યાન કેન્દ્રિત કરીને અપગ્રેડ કરવાનું ચાલુ રાખશે, જે રાજ્યના તમામ પ્રદેશોમાં સંતુલિત અને સર્વસમાવેશક વિકાસ સુનિશ્ચિત કરશે. રાજ્યના ઈલેક્ટ્રોનિક્સ અને IT મંત્રી ડો. મુકેશ મહાલિંગે જણાવ્યું હતું કે ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન હેઠળ બે મંજૂર પ્રોજેક્ટ્સ સાથે ઓડિશા ઝડપથી સેમિકન્ડક્ટર હબ તરીકે ઉભરી રહ્યું છે, જેમાં આજે ઉદ્ઘાટન કરાયેલ એડવાન્સ્ડ 3D ગ્લાસ યુનિટનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે રાજ્ય સરકારની IT, AI, GCC અને સેમિકન્ડક્ટર પોલિસી ૨૦૨૫ નવીનતા લાવશે અને રોકાણો આકર્ષશે. કૌશલ્ય વિકાસ પર ભાર મૂકતા તેમણે કહ્યું કે ઉદ્યોગ માટે તૈયાર માનવબળ બનાવવા માટે એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓને સ્ટાઈપેન્ડ સપોર્ટ પૂરો પાડવામાં આવી રહ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે બ્લેકસ્વાન સમિટ ૨૦૨૬ જેવી પહેલ અને વધતા AI રોકાણો રોજગારીનું સર્જન કરશે અને ભાવિ ટેકનોલોજીમાં ઓડિશાના નેતૃત્વને મજબૂત બનાવશે. આ પ્રોજેક્ટ 3D ગ્લાસ સોલ્યુશન્સ ઈન્ક (3DGS), USA દ્વારા તેની સંપૂર્ણ માલિકીની ભારતીય પેટાકંપની 'હેટરોજેનિયસ ઈન્ટિગ્રેશન પેકેજિંગ સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ' (HIPSPL) દ્વારા ખોરધા જિલ્લાના ઈન્ફો વેલી ખાતે અમલમાં મૂકવામાં આવી રહ્યો છે. તે ગ્રીનફિલ્ડ, વર્ટિકલી ઈન્ટિગ્રેટેડ એડવાન્સ્ડ પેકેજિંગ અને એમ્બેડેડ ગ્લાસ સબસ્ટ્રેટ ATMP સુવિધા છે.

પ્રોજેક્ટમાં કુલ રોકાણ ૧,૯૪૩.૫૩ કરોડ છે, જેમાં મંજૂર કરાયેલ ૭૯૯ કરોડની કેન્દ્રીય નાણાકીય સહાય અને અંદાજે ૩૯૯.૫ કરોડની વધારાની રાજ્ય સહાય સામેલ છે. આ સુવિધા ડેટા સેન્ટર્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મશીન લર્નિંગ, ૫૫/૬૬ કોમ્યુનિકેશન્સ, ઓટોમોટિવ રડાર, સંરક્ષણ ઈલેક્ટ્રોનિક્સ, એરોસ્પેસ એપ્લિકેશન્સ અને ફોટોનિક્સ જેવા ઉચ્ચ-વૃદ્ધિ ધરાવતા ક્ષેત્રોની જરૂરિયાતો પૂરી કરશે. વ્યાપારી ઉત્પાદન ઓગસ્ટ ૨૦૨૮ સુધીમાં શરૂ થવાની અપેક્ષા છે, જ્યારે સંપૂર્ણ સ્તરે વોલ્યુમ ઉત્પાદન ઓગસ્ટ ૨૦૩૦ સુધીમાં લક્ષિત છે. આ કાર્યક્રમમાં ભારત સરકારના ઈલેક્ટ્રોનિક્સ અને IT મંત્રાલયના સચિવ શ્રી એસ. કૃષ્ણન, ઓડિશાના મુખ્ય સચિવ શ્રીમતી અનુ ગર્ગ, ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી હેમંત શર્મા, ઈલેક્ટ્રોનિક્સ અને IT વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી વિશાલ કુમાર દેવ અને 3D ગ્લાસ સોલ્યુશન્સના ચેરમેન અને CEO શ્રી બાબુ માંડવા સહિત અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', કોબા ખાતે કેન્દ્રિય મંત્રી શ્રીમતી રક્ષા ખડસેજી, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ પત્રકાર પરિષદને સંબોધન કર્યું

એક તરફ મહિલાઓના હિતની વાતો કરી બીજી તરફ કાયદાકીય સશક્તિકરણ સમયે તેને અટકાવવાનો પ્રયાસ કરવાની કોંગ્રેસની બે મોઢાની રાજનીતિ જનતા સમક્ષ ખુલ્લી પડી ગઈ છે - શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ

કમલમ્,

આજે ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', કોબા, ગાંધીનગર ખાતે કેન્દ્રિય મંત્રીશ્રી અને મહારાષ્ટ્રના સાંસદ શ્રીમતી રક્ષા ખડસેજી, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ પત્રકાર પરિષદને સંબોધિત કરતા જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં મહિલાઓનેસન્માન અનેઅધિકાર આપવા માટે લાવવામાં આવેલા ઐતિહાસિક નારીશક્તિ વંદન અધિનિયમ સંશોધન બિલને મહિલા વિરોધી કોંગ્રેસે લોકસભામાં પસાર થતું અટકાવ્યું તે દેશની નારીશક્તિ અને યુવાનોના ભવિષ્ય સાથે દ્રોહ કર્યો છે. દેશની મહિલાઓને આશા હતી કે કોંગ્રેસ અને તેના સાથી પક્ષો આ બિલને સમર્થન આપશે, કારણ કે આ બિલ કોઈ એક પક્ષ માટે નહીં પરંતુ દેશની તમામ મહિલાઓ અને યુવાનોના ભવિષ્ય માટે હતું. સીમાંકન પૂર્ણ થયું હોત તો લોકસભાની બેઠકમાં વધારો થવાનો હતો. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું છે તેમનુ સપનું છે કે એક લાખ સામાન્ય વર્ગના યુવક-યુવતીઓ રાજકારણમાં આવે. શ્રીમતી રક્ષા ખડસેજીએ વધુમાં જણાવ્યું કે, કોંગ્રેસે હંમેશા મહિલાઓના મુદ્દે રાજનીતિ કરીછે. કોંગ્રેસ કહે છે કે અમે મહિલાઓ સાથે છીએ, પરંતુ જ્યારે મહિલાઓને સશક્ત બનાવવા નક્કી આવી ત્યારે તેમણે સાથ આપ્યો નહીં. તેમણે ઉમેર્યું કે, દેશની મહિલાઓ તેમજ સામાન્ય વર્ગના યુવાનો આ મુદ્દાને ગંભીરતાથી લઈ રહ્યા છે અને આવનારી ચૂંટણીમાં કોંગ્રેસ અને અન્ય વિપક્ષી દળોને તેનો યોગ્ય જવાબ આપશે. પ્રિયંકા ગાંધી દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓને અંગે તેમણે જણાવ્યું કે વડાપ્રધાન માટે મહિલાઓને આગળ રાખીને રાજનીતિ કરે છે એવો તેમનો આક્ષેપ નિરાધાર છે. શ્રી નરેન્દ્રભાઈ મોદી એ વડાપ્રધાન છે જેમણે ૨૦૧૪ પછી મહિલાઓનેસક્ષમ બનાવવા માટે માત્ર કાગળ પર નહીં પરંતુ જમીન પર કામ કર્યું છે. તેમણે ઉલ્લેખ કર્યો કે ઉજ્જ્વલા યોજનાથી ૧૧ કરોડથી વધુ ઘરોમાં ગેસ કનેક્શન મળ્યા છે, જેના કારણે મહિલાઓને ધુમાડાથી છુટકારો મળ્યો છે. તેમજ સેલ્ફ હેલ્પ ગ્રુપના માધ્યમથી 'લખપતિ દીદી' મિશન દ્વારા લાખો મહિલાઓ આર્થિક રીતે સશક્ત બની છે. તેમણે વધુમાં જણાવ્યું કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ગુજરાત અને મહારાષ્ટ્રસહિતના અનેકરાજ્યોમાં મહિલાઓને ૫૦ ટકા સુધીનું આરક્ષણ આપવામાં આવ્યું છે, જેના પરિણામે મહિલાઓ તાલુકા, જિલ્લા અને નગરપાલિકા સ્તરે મહત્વપૂર્ણ સેવાકીય ભૂમિકા ભજવી રહી છે. તેમ છતાં, લોકસભા અને વિધાનસભામાં મહિલાઓને વધુ પ્રતિનિધિત્વ આપવાનો એતિહાસિક માર્ગ કોંગ્રેસ અને તેના સાથી પક્ષોએ રોકી દીધો છે. તેમણે ડૉ. બાબા સાહેબ આંબેડકરના વિચારોનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે બાબા સાહેબે પણ કહ્યું હતું કે કોઈપણ દેશના વિકાસનુ માપદંડ મહિલાઓનો વિકાસ હોય છે, અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ હંમેશા મહિલાઓને દરેક ક્ષેત્રમાં આગળ લાવવાનો પ્રયાસ કર્યો છે. તેમણે કહ્યું કે ઘણી શરમજનકવાત છે કે કોંગ્રેસના મુદ્દે પણ રાજનીતિ કરી છે, અને હજીપણ મહિલાઓનું લોકસભા અને વિધાનસભામાં પહોંચવાનું સ્વપ્ન તોડ્યું છે. અંતમાં તેમણે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના શબ્દોને ટાંકતા જણાવ્યું કે, અમે અટકવાના નથી, અમે મહિલાઓને તેમના અધિકાર આપવા અમારી લડાઈ ચાલુરાખીશું અને ભવિષ્યમાં પ્રયત્ન કરીશું કે દેશની મહિલાઓ અને યુવાનો લોકસભા અને વિધાનસભામાં પહોંચે. શ્રીમતી રક્ષા ખડસેએ જણાવ્યું હતું કે, પ્રિયંકા ગાંધી આ મુદ્દે રાજનીતિ કરવાના પ્રયાસ કરી રહી છે, જ્યારે તેમને સારી રીતે ખબર છે કે ૨૦૨૩માં પાસ થયેલા બિલમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે સીમાંકન પછીજ આ કાયદો લાગુ થશે. આ બિલ વહેલું લાવવું મુખ્ય કારણ એ હતું કે ૨૦૨૯ની જનગણના આવી શકે, દેશની વધતી જનસંખ્યા અને વિસ્તારોમાં મતદારોની અસમાન સંખ્યા ધ્યાનમાં લેતા સીમાંકન અનિવાર્ય હતું. ક્યાંક મતદારોની સંખ્યા વધુ છે તો ક્યાંક ઓછી, જેથી યોગ્ય પ્રતિનિધિત્વ માટે રિ-એડજસ્ટમેન્ટ જરૂરી બન્યું. સીમાંકન આજે નહીં તો કાલે થવાનું જ છે, અને જો આ બંને પ્રક્રિયા સાથે આગળ વધે તો આવનારી ચૂંટણીમાં તમામ રાજકીય પાર્ટીઓને સમાન રીતે લાભ મળી શકે તેમ હતું, સાથે જ મહિલાઓને તેમનો યોગ્ય હક પણ મળી શક્યો હોત. તેમણે કહ્યું કે, આ સંદર્ભમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ સ્પષ્ટપણે કહ્યું હતું કે, આ બિલ કોઈ પક્ષને ક્રેડિટ અપાવવા માટે લાવવામાં આવ્યું નથી, પરંતુ તેનો ઉમદા ઉદ્દેશ્ય દેશની મહિલાઓને શક્તિશાળી બનાવવાનો છે.

આ અનામત બિલ ભાજપ પૂરતું મર્યાદિત નથી; જો ચૂંટણી આ ૨૦૨૯ લોકસભા ચૂંટણી સમયે આ અમલમાં આવી જાત, તો દરેક રાજકીય પાર્ટીને તેનો લાભ મળ્યો હોત અને જે ઉમેદવારો બનત, તે દેશની મહિલાઓજ બનતી, ભલે તેઓ કોઈપણ પાર્ટી સાથે જોડાયેલ હોય. આ બિલ સંપૂર્ણ રીતે મહિલાઓના હિતમાં અને તેમના સશક્તિકરણ માટે લાવવામાં આવ્યું હતું. ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, સનાતન હિન્દુ સંસ્કૃતિમાં પૂજનીય સ્થાન ધરાવતી માતૃશક્તિ એવી માતા-બહેનોનું સન્માન અને ગૌરવ વધારવાની એક ઐતિહાસિકસુવર્ણ તક દેશને મળી હતી. આ દિશામાં નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ નારી શક્તિ વંદન અધિનિયમ સુધારા બિલના અમલ માટે સંસદનું વિશેષ સત્ર બોલાવવામાં આવ્યું હતું, પરંતુ કોંગ્રેસ અને ઈન્ડિયા ગઠબંધનના પક્ષોની નારી શક્તિ વિરોધી માનસિકતાના કારણે આ મહત્વપૂર્ણ સુધારા બિલ પસાર કરી શક્યું નહીં. તેમણે આક્ષેપ કર્યો કે કોંગ્રેસ અને તેના સાથી પક્ષોએ બિલના વિરોધ કરીને નારી શક્તિનું હડહડતું અપમાન કર્યું છે. અંતમાં તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે દેશની બહેનોના આશીર્વાદ શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે છે અને હંમેશા રહેશે. લોકો હવે જાણી ગયા છે કે નારી શક્તિના સશક્તિકરણના હીમાયતી કોણ છે અને વિરોધી કોણ છે. માતા અને બહેનોના સશક્તિકરણનો વિરોધ કરનારાઓને આવનારી ચૂંટણીમાં દેશની નારી શક્તિ જડબાતોડ જવાબ આપશે તે નિશ્ચિત છે. બહેનોના વિરોધ કરનાર અને તેમની અવગણના કરનાર કોઈપણ શક્તિ ટકી નથી અને આગળ પણ ટકી શકશે નહીં. ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ પ્રેસવાર્તામાં કહ્યું કે, ૧૩ એપ્રિલનો દિવસ ભારતના ઈતિહાસમાં નારી શક્તિના સન્માનનો ઐતિહાસિક અને સુવર્ણ દિવસ બની શક્યો હોત. પરંતુ કોંગ્રેસ અને તેની સાથી પક્ષોના કાવતરાના કારણે આ દિવસ મહિલાઓના અધિકારોપર કાળો ડાઘ બની ગયો. સંસદમાં જે થયું તે માત્ર એક બિલની હાર ન હતી તે ભારતની ૭૦ કરોડ માતાઓ, બહેનો અનેદીકરીઓના સપનાઓ પર મહિલા વિરોધી કોંગ્રેસનો સીધો પ્રહાર હતો. દેશ સ્પષ્ટપણે જોઈ લીધું છે કે એક બાજુ ભાજપ અને NDAની મહિલાઓને સશક્ત બનાવવાની વિચારધારા છે જ્યારે બીજી તરફ કોંગ્રેસ છે. જે મહિલાઓના માર્ગમાં અવરોધ બનીને ઉભી છે. કોંગ્રેસ અને INDI ગઠબંધનના નેતાઓએ બિલ પડ્યું ત્યારે જે રીતે આનંદ વ્યક્ત કર્યો, મેજ થપથપાવી, તે નારી શક્તિનું હળહળતું અપમાન છે. મહિલાઓના અધિકારોને રોકવા એ કોંગ્રેસ પોતાની રાજકીય જીત સમજે છે. તેમણે કહ્યું કે, કોંગ્રેસનો ઈતિહાસ મહિલાઓ સાથે છળ, વિલંબ અને દગાનો રહ્યો છે. ૬૦ વર્ષ સુધી કોંગ્રેસ સત્તામાં રહી કોંગ્રેસે મહિલાઓનું માત્ર વોટ બેંકતરીકે ઉપયોગ કર્યો છે. આ તે જ કોંગ્રેસ છે જેણે શાહબાનો કેસમાં મહિલાઓના અધિકારો સાથે બાંધછોડ કરી, જેણે ટ્રિપલ તલાક જેવા મુદ્દાઓ પર પણ મહિલાઓના હિતોનો વિરુદ્ધ ઊભી રહી.કોંગ્રેસ માટે મહિલાઓના અધિકારો માત્ર ભાષણનો વિષય જ રહ્યો છે નીતિ અને નિર્ણયનો વિષય ક્યારેય રહ્યો નથી. જે રીતે કોંગ્રેસ અને INDI ગઠબંધને મળીને આ બિલને મંજૂર થવા ન દીધું તે કરોડો સંયોગ નહોતા કે બિલ ૨/૩ બહુમતીથી થોડું ઓછું રહ્યું, આ કોંગ્રેસનું એક પૂર્વનિયોજિત રાજકીય ષડયંત્ર હતું. જે લોકોએ દાયકાઓ સુધી OBC અનેદલિત મહિલાઓના સશક્તિકરણ માટે કંઈ જ કર્યું નથી, તેઓ આજે તેમના નામે બિલને રોકવાનો પ્રયાસ કરી રહ્યા છે. શ્રી વિશ્વકર્માએ વધુમાં જણાવ્યું કે, હકીકતમાં કોંગ્રેસને ડર છે કે સામાન્ય પરિવારમાંથી આવતી મહિલાઓ સંસદમાં આવશે અને તેમની પરિવારવાદી રાજનીતિને પડકારશે. પોતાના પરિવારની મહિલાઓને આગળ લાવવી અને દેશની સામાન્ય મહિલાઓને રોકવીએ માનસિકતા સાથે કોંગ્રેસે બિલનો વિરોધ કર્યો છે. કોંગ્રેસની એક જ પેટર્ન રહી છે કે, કોઈ પણ રિફોર્મ આવે તો જૂઠું બોલો, ભ્રમ ફેલાવો, ઈતિહાસ સાક્ષી છે, કોંગ્રેસે હંમેશા આ નકારાત્મક રસ્તો પસંદ કર્યો છે.ભાજપ માટે નારીશક્તિને સશક્ત કરવાનો વિષય સત્તાનો મુદ્દો નથી, સમાનતા અને અધિકારનો મુદ્દો છે. દેશની મહિલાઓ બધું જોઈ રહી છે કે કોણ તેમના અધિકારો માટે ઊભુરહ્યું અને કોણે તેમને રોકવાનો પ્રયાસ કર્યો. કોંગ્રેસે કરેલું નારી શક્તિનું અપમાન હિન્દુસ્તાન સહન નહિ કરે. હાલ ભલે કોંગ્રેસ મહિલાઓનો અધિકાર છીનવી જશ્નામુડમા હોય, પણ કોંગ્રેસને દેશની મહિલાશક્તિ ચોક્કસથી જવાબ આપશે. આ પત્રકાર પરિષદમાં રાજ્ય સરકારના મંત્રી શ્રીમતી મનીષાબેન વકીલ, પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષા શ્રીમતી અંજુબેન વેકરિયા, પ્રદેશના મુખ્ય પ્રવક્તા ડૉ. અનિલભાઈ પટેલ તથા પ્રદેશના સહ પ્રવક્તાશ્રી શ્વેતાબેન બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહ્યા હતાં.

કોંગ્રેસને ડર છે કે સામાન્ય પરિવારમાંથી આવતી મહિલાઓ સંસદમાં આવશે અને તેમની પરિવારવાદી રાજનીતિને પડકારશે - શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

૨૦૨૩માં પાસ થયેલા બિલમાં સીમાંકન પછી જ કાયદો લાગુ થવાની બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ હોવા છતાં કોંગ્રેસે રાજનીતિ કરી મહિલાઓને અન્યાય કર્યો છે - શ્રીમતી રક્ષા ખડસેજી

કમલમ્,

સિદ્ધપુર ખાતે શ્રી મુકેશભાઈ શાહ પરિવાર દ્વારા આયોજિત "ઉમંગ ઉત્સવ"માં ધારાસભ્યશ્રી ભલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહી આનંદ અને ઉત્સાહભર્યા માહોલનો અનુભવ કર્યો આ પ્રસંગે પરિવારજનો તથા આમંત્રિત મહેમાનો સાથે મળીને હર્ષોલ્લાસપૂર્ણ ક્ષણો વિતાવી. પદ્મશ્રી શ્રી તુષારભાઈ શુક્લા, શ્રી વિનોદભાઈ ખંધાર, શ્રી મનદીપ શાહ, શ્રી સંજયભાઈ ઓઝા, શ્રી મુકેશભાઈ શાહ, મીતાબહેન શાહ, શ્રી પરેશભાઈ શાહ, શ્રી ચેતનભાઈ શાહ, શ્રી દર્શનભાઈ શાહ, શ્રી વંદનભાઈ શાહ, અને મોટી સંખ્યામાં મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્,

ભારતીય જનતા પાર્ટીના જિલ્લા પંચાયતના ઉમેદવાર પ્રહલાદજી ઠાકોર અને તાલુકા પંચાયતના ઉમેદવાર શ્રી રાજુલજી ઠાકોરને પ્રચંડ બહુમતીથી વિજયી બનાવવા ધારાસભ્યશ્રી ભલવંતસિંહ રાજપૂતે આહ્વાન કર્યું. ભાજપના શાસનમાં ગામડાંઓમાં થઈ રહેલા અવિરત વિકાસને ધ્યાનમાં રાખીને ગ્રામજનો એ ભાજપ ના મજબૂત વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો. ભાજપના શાસનમાં ગામડાંઓમાં થઈ રહેલા અવિરત વિકાસને ધ્યાનમાં રાખીને ગ્રામજનો એ ભાજપ ના મજબૂત વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો. આ પ્રસંગે શ્રી નંદાજુ ઠાકોર, શ્રી ગીરીશભાઈ મોદી, શ્રી માતમજી ઠાકોર, શ્રી રમેશભાઈ દેસાઈ, શ્રી રમેશભાઈ પટેલ, શ્રી અશોકભાઈ પટેલ, શ્રી જસુભાઈ પટેલ, શ્રી ભરતજી ઠાકોરે તેમજ ગામના આગેવાન શ્રી મયુરજી ઠાકોર, શ્રી સોમાજી ઠાકોર, શ્રી માનસિંહજી ઠાકોર, શ્રી અજમલભાઈ દેસાઈ, શ્રી અરવિંદજી તેમજ મોટા સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્,

સ્વાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત અમરપુરા ખાતે મેસર જિલ્લા પંચાયત સીટની મધ્યસ્થ કાર્યાલય ખાતે સભા યોજાઈ તેમજ આયોજિત કાર્યક્રમા ધારાસભ્યશ્રી ભલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહી સંવાદ કર્યું. જનતા જનાર્દનના આશીર્વાદથી ભાજપ ફરી એકવાર વિકાસની નવી ગાથા લખશે તેવો દૃઢ વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો. મોદી સાહેબના નેતૃત્વમાં અવિરતપણે વિકાસકાર્યોનો લાભ દેશના જન-જન સુધી પહોંચ્યા છે, ત્યારે માતાદાતાઓ ભાજપાને જંગી બહુમતી સાથે વિજયી બનાવવા ઉત્સાહિત છે. આ પ્રસંગે શ્રી નંદાજી ઠાકોર, શ્રી ગીરીશભાઈ મોદી, શ્રી પ્રદાનજી ઠાકોર, શ્રી રમેશભાઈ દેસાઈ (મહામંત્રી), શ્રી રમેશભાઈ દેસાઈ, શ્રી અશોકભાઈ પટેલ, આશાબેન પટેલ, શ્રી માતમજી ઠાકોર, જિલ્લા પંચાયતના ઉમેદવાર શ્રી પ્રહલાદજી ઠાકોર, તેમજ તાલુકા પંચાયતના ઉમેદવારશ્રીઓ - રાજુલજી ઠાકોર, પશ્મિનબેન, શિબાબેન પટેલ, નવઘણભાઈ વાભિકી, પ્રહલાદજી ઠાકોર તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

કમલમ્,

ભારતીય જનતા પાર્ટીના જિલ્લા પંચાયતના ઉમેદવાર પ્રહલાદજી ઠાકોર અને તાલુકા પંચાયતના ઉમેદવાર શિવાબેન નેપચંદ્ર બહુમતીથી વિજયી બનાવવા ધારાસભ્યશ્રી ભલવંતસિંહ રાજપૂતે આહ્વાન કર્યું. ભાજપના શાસનમાં ગામડાંઓમાં થઈ રહેલા અવિરત વિકાસને ધ્યાનમાં રાખીને ગ્રામજનો એ ભાજપ ના મજબૂત વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો. ભાજપના શાસનમાં ગામડાંઓમાં થઈ રહેલા અવિરત વિકાસને ધ્યાનમાં રાખીને ગ્રામજનો એ ભાજપ ના મજબૂત વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો. આ પ્રસંગે શ્રી ગીરીશભાઈ મોદી, શ્રી અશોકભાઈ પટેલ, શ્રી મદારસિંહ (સરપંચશ્રી), ડેપ્યુટી સરપંચશ્રી, શ્રી રમેશભાઈ દેસાઈ, શ્રી દશરથજી રાજપૂત, જશીબેન, શ્રી પી. કે પટેલ, શ્રી કાંતિભાઈ, આશાબેન તેમાજ મોટી સંખ્યામાં માં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા..

કમલમ્,

સિદ્ધપુર શહેર પસવાદળની પોળ ખાતે પ્રજાપતિ સમાજની વાડીમાં નગરપાલિકા વોર્ડ નંબર ત્રણ, ચાર અને પાંચ ખાતે આગામી સ્વાનિક સ્વરાજ્યની ચૂંટણીના સંદર્ભમાં ગુર્જર પ્રજાપતિ, સાચોરી પ્રજાપતિ અને થરાદરી પ્રજાપતિ સમાજનું ભવ્ય વિજય સંમેલન યોજાયું અને વોર્ડ નંબર ચાર અને પાંચ ના મધ્યસ્થ કાર્યાલયની મુલાકાત કરી હતી. જેમાં ધારાસભ્યશ્રી ભલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહી ચૂંટણીલક્ષી સંવાદ કર્યો હતો. આ દરમિયાન વિષ્ણુભાઈ પટેલ , કૌશલાબા ઝેલા, હેતલબેન પંચાલ, કરસનભાઈ પ્રજાપતિ, અશોકભાઈ પ્રજાપતિ, ભલાભાઇ પ્રજાપતિ, કરસનભાઈ પ્રજાપતિ, ગજાભાઈ પ્રજાપતિ, રશ્મિનભાઈ દવે, ઉમેદવારશ્રીઓ તથા સમાજના આગેવાનો અને અનેક કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી જંગી બહુમતીથી વિજય મેળવવાનો સંકલ્પ કર્યો.

કમલમ્,

સ્વાનિક સ્વરાજની ચૂંટણી ૨૦૨૬ અંતર્ગત મહીસાગર જિલ્લાના સંતરામપુરમાં રાજ્યના યશસ્વી મુખ્યમંત્રી આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં 'વિકાસ સંકલ્પ સભા'માં વિસ્તારના ધારાસભ્યશ્રી ડો. કુબેરભાઈ ડીંડોર સહભાગી બની, ઉપસ્થિત નાગરિકોને વિકસિત ભારત માટે ભાજપાના પક્ષમાં મહત્તમ મતદાન કરવા માટે નમ્ર અપીલ કરી. અઢી દાયકા પહેલાનો સમય હતો, જ્યારે આ સમગ્ર વિસ્તારમાં પાણી, વીજળી, રોડ રસ્તા સહિતની સુવિધાઓનો ઘણો અભાવ હતો, પણ માનનીય મોદીજીના નેતૃત્વમાં આ વિસ્તારનો કાયાકલ્પ થયો છે. સ્થાનિક નાગરિકોનો ભાજપ પ્રત્યેનો અને માનનીય મોદીજીના વિઝનરી નેતૃત્વ માટેનો સ્નેહ જોઈને ખૂબ આનંદ થયો. સ્વાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપને જ્વલંત વિજય અપાવવાનું આહ્વાન નાગરિકોને કર્યું.

કમલમ્,

સ્વાનિક સ્વરાજની ચૂંટણીને અન્વયે કડાણા તાલુકામાં સમાવિષ્ટ મુનપુર જિલ્લા પંચાયતના મુવાલા બીડ ખાતે તાલુકા પંચાયતના ઉમેદવારોને ભવ્ય વિજય પ્રાપ્ત થાય તે માટે ચૂંટણીલક્ષી માર્ગદર્શન ધારાસભ્યશ્રી ડો. કુબેરભાઈ ડીંડોરે પૂરું પાડ્યું, સંગઠનની શક્તિ અને કાર્યકર્તાઓના અવિરત પરિશ્રમથી નિશ્ચિત જ વિજય પ્રાપ્ત થશે તેવી પૂરી આશા વ્યક્ત કરી. આ તકે જિલ્લા ઉપાધ્યક્ષશ્રી જયેશભાઈ પટેલ, કડાણા મંડળ મહામંત્રીશ્રી અજયપાલસિંહ ચૌહાણ, પૂર્વ સંતરામપુર તાલુકા મંડળ પ્રમુખશ્રી બળવંતભાઈ પટેલીયા, પૂર્વ જિલ્લા પંચાયત સભ્યશ્રી પર્વતભાઈ, કડાણા સરપંચશ્રી જયંતીભાઈ, મુનપુર જિલ્લા પંચાયતના ઉમેદવાર શ્રીમતિ કલ્પનાબેન શૈલેન્દ્રસિંહ પુવાર, મુનપુર તાલુકા પંચાયત સીટના ઉમેદવાર શ્રી હરીશભાઈ પાંડોર અને મોટી સંખ્યામાં ગામજનો કાર્યકર્તાઓ હાજર રહ્યાં હતાં.

સંરક્ષણ પ્રધાન જર્મનીની ત્રણ દિવસની મુલાકાતે જશે

સંરક્ષણ ઔદ્યોગિક સહયોગ વધારવા, સૈન્ય-થી-સૈન્ય જોડાણ અને ઉભરતા ક્ષેત્રોમાં તકો શોધવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે

કમલમ્,

રક્ષામંત્રી શ્રી રાજનાથ સિંહ બંને દેશો વચ્ચેની વ્યૂહાત્મક સંરક્ષણ ભાગીદારીને વધુ મજબૂત કરવા માટે ૨૧ થી ૨૩ એપ્રિલ, ૨૦૨૬ દરમિયાન જર્મનીની સત્તાવાર મુલાકાત લેશે. મુલાકાત દરમિયાન, રક્ષામંત્રી તેમના જર્મન સમકક્ષ શ્રી બોરિસપિસ્ટોરિયસ અને સરકારના અન્ય વરિષ્ઠ નેતાઓ સાથે દ્વિપક્ષીય મંત્રણા કરવાના છે. ચર્ચાઓ સંરક્ષણ ઔદ્યોગિક સહયોગ વધારવા, સૈન્ય-થી-સૈન્ય જોડાણને મજબૂત કરવા અને સાયબર સુરક્ષા, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ડ્રોન જેવા ઉભરતા ક્ષેત્રોમાં તકો શોધવા પર કેન્દ્રિત રહેશે. બંને સંરક્ષણ મંત્રીઓની હાજરીમાં સંરક્ષણ ઔદ્યોગિક સહયોગ રોડમેપ અને યુએન પીસકીપીંગ ઓપરેશન ટ્રેનિંગમાં સહકાર માટે અમલીકરણ પર હસ્તાક્ષર થવાની સંભાવના છે. આ મુલાકાત ચાલુ સંરક્ષણ સહયોગ પહેલોની સમીક્ષા કરવાની અને બંને દેશોના સંરક્ષણ ઉદ્યોગો વચ્ચે સહયોગ માટે નવા માર્ગો ઓળખવાની તકપૂરી પાડશે. શ્રી રાજનાથ સિંહ 'મેક-ઇન-ઇન્ડિયા' પહેલ હેઠળ સંયુક્ત વિકાસ અને સહ-ઉત્પાદનને પ્રોત્સાહન આપવાના હેતુથી જર્મન સંરક્ષણ ઉદ્યોગના મુખ્ય પ્રતિનિધિઓ સાથે પણ વાતચીત કરે તેવી અપેક્ષા છે. રક્ષામંત્રીની આ મુલાકાત સાત વર્ષના અંતરાલ પછી થઈ રહી છે. ભારતીય સંરક્ષણ મંત્રી દ્વારા જર્મનીની છેલ્લી મુલાકાત ફેબ્રુઆરી ૨૦૧૯માં શ્રીમતી નિર્મલા સીતારમણ દ્વારા કરવામાં આવી હતી. શ્રી બોરિસ પિસ્ટોરિયસએ જૂન ૨૦૨૩માં ભારતની મુલાકાત લીધી હતી અને શ્રી રાજનાથ સિંહ સાથે વ્યાપક મંત્રણા કરી હતી. ભારત અને જર્મની લોકશાહી મૂલ્યો, કાયદાનું શાસન અને નિયમ-આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા પ્રત્યેની સહિયારી પ્રતિબદ્ધતામાં લંગરાયેલ, મજબૂત અને બહુપક્ષીય વ્યૂહાત્મક ભાગીદારી ધરાવે છે. તાજેતરના વર્ષોમાં સંરક્ષણ અને સુરક્ષા સહયોગ આ ભાગીદારીના એક મહત્વપૂર્ણ સ્તંભ તરીકે ઉભરી આવ્યો છે. આ મુલાકાતનો ઉદ્દેશ્ય દ્વિપક્ષીય સંબંધોને વધુ ગાઢ બનાવવાનો અને પ્રાદેશિક અને વૈશ્વિક શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિમાં યોગદાન આપવાનો છે.

૬૧મા ફેમિના મિસ ઈન્ડિયામાં 'વિશ્વ સૂત્ર' કલેકશન દ્વારા વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત કરાયેલ ભારતીય હાથવણાટ

વિશ્વ માટે પુનઃકલ્પિત ભારતીય હાથવણાટઃ 'વિશ્વ સૂત્ર' ૩૦ દેશોથી પ્રેરિત ૩૦ વણાટનું પ્રદર્શન કરે છે

કમલમ્,

એક પ્રકારની પ્રથમ પહેલના ભાગરૂપે, વિકાસ કમિશનર (હાથવણાટ) ની કચેરી, કાપડ મંત્રાલય, ભારત સરકાર અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી (NIFT) એ ભુવનેશ્વર ખાતે ૬૧મા ફેમિના મિસ ઈન્ડિયામાં રજૂ કરાયેલ ડિઝાઈનર કલેક્શન 'વિશ્વ સૂત્ર – વણાટ ઓફ ઈન્ડિયા ફોર ધ વર્લ્ડ" (Vishwa Sutra– Weaves of India for he World) નું અનાવરણ કર્યું છે, જે ભારતીય હાથવણાટને સમકાલીન વૈશ્વિક ડિઝાઈન કક્ષામાં સ્થાન આપે છે. આ પહેલ સમગ્ર ભારતમાંથી ૩૦ અલગ-અલગ હાથવણાટના વણાટને એકસાથે લાવે છે, જેમાંથી દરેક એક અલગ રાજ્યનું પ્રતિનિધિત્વ કરે છે, અને ૩૦ દેશોમાંથી મેળવેલી પ્રેરણાઓ દ્વારા તેમનું પુનઃ અર્થઘટન કરે છે, જે વિવિધ સાંસ્કૃતિક તત્વો, સિલુએટ્સ (silhou^ates) અને ડિઝાઈનની સંવેદનશીલતાઓને પ્રતિબિંબિત કરે છે. વિશ્વ સૂત્ર ભારતીય હાથવણાટને તેની અધિકૃતતા જાળવી રાખીને વૈશ્વિક સ્તરે સુસંગત અને ડિઝાઈન-ફોરવર્ડ



તરીકે સ્થાન આપવાના વ્યૂહાત્મક પ્રયાસનું પ્રતિનિધિત્વ કરે છે. તે ભારતની હાથવણાટ પરંપરાઓની ઊંડાઈ અને સાતત્યને પણ પ્રતિબિંબિત કરે છે—આ એવી તકનીકો છે જે પેઢીઓ સુધી સાચવવામાં આવી છે અને શુદ્ધ કરવામાં આવી છે, જે દેશના જીવંત સાંસ્કૃતિક વારસાનો અભિન્ન ભાગ બનાવે છે. વૈશ્વિક ફેશન લેન્સ દ્વારા ક્યુરેટ કરાયેલ, આ સંગ્રહ ભારતીય વણાટને વિશિષ્ટ સાંસ્કૃતિક સિલુએટ્સ સાથે જોડે છે—ઓડિશા ઈકતને ગ્રીક સ્વરૂપો સાથે, કાંચીપુરમને નોર્વેજીયન લાઇન સાથે, મુગાને ઈજિપ્તની તત્વો સાથે, પટોળાને સ્પેનિશ પ્રભાવ સાથે અને બનારસીને સંયુક્ત આરબ અમીરાત (UAE) પ્રેરિત પોશાક સાથે—જે ભારતના હાથવણાટ શબ્દભંડોળમાં એક નવો ડિઝાઈન પરિપ્રેક્ષ્ય લાવે છે. 'વિશ્વ સૂત્ર – વણાટ ઓફ ઈન્ડિયા ફોર ધે વર્લ્ડ' એ ભારતીય હાથવણાટની ભવ્યતાને મૂર્ત સ્વરૂપ આપ્યું હતું, જેનું પ્રદર્શન ૬૧મા ફેમિના મિસ ઈન્ડિયાના પ્રારંભિક રાઉન્ડમાં ૩૦ રાજ્યના વિજેતાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. મીડિયાને સંબોધતા, વિકાસ કમિશનર (હાથવણાટ) ડો. એમ. બીનાએ ભારતની સાંસ્કૃતિક ઓળખ જાળવી રાખવા, આજીવિકાને ટેકો આપવા અને મહિલા સંચાલિત ઉદ્યોગસાહસિકતાને સક્ષમ કરવામાં હાથવણાટ ક્ષેત્રની મહત્વની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. તેમણે પ્રધાનમંત્રીના "ગાંવ ટુ ગ્લોબલ" (Gaon to Global) વિઝન પર પ્રકાશ પાડતા પરંપરાગત વણાટને આધુનિક ડિઝાઈન અને બદલાતા બજારના પરિદ્રશ્ય સાથે જોડવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. ૬૧મા ફેમિના મિસ ઈન્ડિયાના વિજેતા સાધ્વી સતીશ સેલે પરંપરાગત કુનબી વણાટ પહેર્યું હતું, જેની મધ્ય યુરોપિયન સ્કર્ટ સિલુએટ દ્વારા પુનઃકલ્પના કરવામાં આવી હતી. વારસામાં મૂળ ધરાવતું કુનબી—જે 'કુન' (પરિવાર) અને 'બી' (બીજ) પરથી ઉતરી આવ્યું છે—તે પેઢીગત કૌશલ્ય અને સમુદાયના સ્થાયી તાણાવાણાનું પ્રતીક છે. આ પહેલ "વોકલ ફોર લોકલ ટુ ગ્લોબલ" (Vocal for Local to Global) ના વિઝન અને પ્રધાનમંત્રીના 5F ફ્રેમવર્ક—ફાર્મ ટુ ફાઈબર ટુ ફેક્ટરી ટુ ફેશન ટુ ફોરેન (Farm to Fibre to Factory to Fashion to Foreign) હેઠળ પરંપરાગત ઉદ્યોગોને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક ક્ષેત્રોમાં રૂપાંતરિત કરવાની ભારત સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. તે વધુમાં સાંસ્કૃતિક ઉદ્યોગોને મજબૂત કરવા, ટકાઉ આજીવિકા પેદા કરવા અને વૈશ્વિક કાપડ અને ફેશન બજારોમાં ભારતની હાજરી વધારવામાં હાથવણાટની વ્યૂહાત્મક ભૂમિકાને રેખાંકિત કરે છે.

અમદાવાદ મંડળની ઐતિહાસિક સિદ્ધિઃ જમ્મુ-કાશ્મીર માટે પ્રથમ વખત મોકલવામાં આવી દૂધ ઉત્પાદનોની કાર્ગો રેક

કમલમ્,

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે માલ પરિવહન ક્ષેત્રે એક નવી ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરતા જમ્મુ-કાશ્મીર માટે દૂધ ઉત્પાદનોની પોતાની પ્રથમ કાર્ગો રેક સફળતાપૂર્વક રવાના કરી છે. આ વિશેષ જથ્થો ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ

(અમૂલ) માટે લિંચ (LCH) સ્ટેશનથી લોડ કરવામાં આવ્યો છે. આ રેકમાં કુલ 20 BCN વેગન સામેલ છે, જેમને બે ભાગમાં વિભાજિત કરવામાં આવ્યા છે—૧૦ વેગન બારી બ્રાહ્મણ (BBMN) તથા બાકીના ૧૦ વેગન ઉત્તર રેલવેના જમ્મુ-તાવી મંડળના અનંતનાગ (ANT) સ્ટેશન માટે મોકલવામાં આવ્યા છે. આ પરિવહનથી રેલવેને ૨૪.૬૨ લાખની માલ ભાડાની આવક પ્રાપ્ત થઈ છે. આ પહેલ માત્ર ડેરી ઉત્પાદનોની અવિરત સપ્લાય ચેઈન સુનિશ્ચિત કરવાની દિશામાં મહત્વપૂર્ણ કદમ નથી, પરંતુ દેશના અંતરિયાળ વિસ્તારો સુધી આવશ્યક ચીજવસ્તુઓના પુરવઠા માટે ભારતીય રેલવેની પ્રતિબદ્ધતાને પણ દર્શાવે છે. ઉલ્લેખનીય છે કે આ અગાઉ ઓક્ટોબર ૨૦૨૫માં કાશ્મીર ખીણમાં માલ પરિવહન ક્ષેત્રે એક અન્ય ઐતિહાસિક સિદ્ધિ નોંધાઈ હતી, જ્યારે ૧,૩૫૦ ટન ઔદ્યોગિક મીઠાનો પ્રથમ રેલ જથ્થો ગુજરાતના અમદાવાદ મંડળના ખારાઘોડા (KOD) સ્ટેશનથી અનંતનાગ (ANT) સ્ટેશન સુધી સફળતાપૂર્વક પહોંચાડવામાં આવ્યો હતો. મીઠા અને દૂધ ઉત્પાદનોના આ સફળ જથ્થાઓના માધ્યમથી અમદાવાદ મંડળે જમ્મુ-કાશ્મીર સાથે પોતાના વ્યાપારિક અને આર્થિક સંબંધોને વધુ સુદ્રઢ કર્યા છે. આ પહેલ ગુજરાતના ડેરી અને ઔદ્યોગિક ક્ષેત્રોને કાશ્મીર ખીણના બજારો સાથે સીધા જોડવામાં અત્યંત સહાયક સાબિત થશે.

પાટડી તાલુકામાં સુપોષણનો ઉત્સવઃ 'સેજા પોષણ વાનગી હરિફાઈ ૨૦૨૬'નું ભવ્ય આયોજન

કમલમ્, સુરેન્દ્રનગર

પાટડી તાલુકાના પાટડી-૨ ઘટક હેઠળ આવતા આંગણવાડી કેન્દ્રોમાં પોષણ અને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવાના ઉમદા હેતુથી 'સેજા પોષણ વાનગી હરિફાઈ ૨૦૨૬'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ICDS ના પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી ઈરાબેન ચૌહાણ અને બાળ વિકાસ યોજના અધિકારી (CDPO) શ્રીમતી નિધિ પંડ્યાના સચોટ માર્ગદર્શન હેઠળ સેજા કક્ષાના મુખ્ય સેવિકા દ્વારા આ કાર્યક્રમને આખરી ઓપ આપવામાં આવ્યો હતો. આ હરિફાઈમાં આંગણવાડી કાર્યકર બહેનોએ ભારે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તેઓએ THR (ટેક હોમ રાશન), શ્રીઅન્ન (મિલેટ્સ) અને સ્વાસ્થ્યવર્ધક સરગવાનો અદભુત ઉપયોગ કરી વિવિધ આકર્ષક અને પૌષ્ટિક વાનગીઓ બનાવી તેનું સુંદર નિદર્શન કર્યું હતું. માત્ર વાનગીઓનું પ્રદર્શન જ નહીં,

પરંતુ આ પ્રસંગે ઉપસ્થિત રહેલા લાભાર્થીઓને THR, મિલેટ્સ અને સરગવામાંથી મળતા પોષકતત્વો અને તેના આરોગ્યલક્ષી અગણિત ફાયદાઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપીને આરોગ્ય પ્રત્યે જાગૃત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્થાનિક શાળાના આચાર્યશ્રી, ડેરીના પ્રતિનિધિશ્રી, મુખ્ય સેવિકા, આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનો તથા બહોળી સંખ્યામાં ગામના લાભાર્થીઓએ વિશેષ ઉપસ્થિતિ નોંધાવી હતી. હરીફાઈના અંતે શ્રેષ્ઠ વાનગીઓ બનાવનાર આંગણવાડી કાર્યકર બહેનોને મૂલ્યાંકન દ્વારા પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. તેઓની કામગીરીને બિરદાવી, યોગ્ય પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું. સુપોષિત ગુજરાતના નિર્માણ તરફ પાટડી તાલુકાના આંગણવાડી કેન્દ્રોનો આ પ્રયાસ પ્રશંસનીય રહ્યો હતો.

ધરમપુર ખાતે ગુજરાત રામકૃષ્ણ વિવેકાનંદ ભાવપ્રચાર પરિષદનું અર્ધવાર્ષિક સંમેલન યોજાયું

કમલમ્, ધરમપુર

સમગ્ર ગુજરાતમાં શ્રી રામકૃષ્ણ વિવેકાનંદના ભાવપ્રચાર માટે કાર્યરત વિવિધ કેન્દ્રોના અર્ધવાર્ષિક સંમેલનનું આયોજન ધરમપુર ખાતે કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં રાજ્યભરના વિવિધ કેન્દ્રોના પ્રતિનિધિઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. કાર્યક્રમની શરૂઆત ધ્વજવંદન સાથે થઈ હતી. ત્યારબાદ ધાણેટી, સુરત, વાંસદા, કિમ, અંકલેશ્વર, બિદડા, લખપત, અંજાર, કચ્છ, આણંદ, કાપોદ્રા, બીલીમોરા, ધરમપુર, કપરાડા, દમણ, વાપી, સેલવાસ અને ઉપલેટા જેવા વિવિધ કેન્દ્રોના પ્રતિનિધિઓએ છેલ્લા છ મહિનાની પોતાની પ્રવૃત્તિઓના વિગતવાર અહેવાલો રજૂ કર્યા હતા. આ સંમેલનમાં બેલુરમઠ, કોલકાતા તરફથી નિમાયેલા પ્રતિનિધિ સ્વામી સેવાવ્રતાનંદજી મહારાજે ગુજરાતમાં ચાલી રહેલી ભાવપ્રચાર પ્રવૃત્તિઓ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. સાથે જ તેમણે આગલા સમયમાં રાજ્યના દરેક જિલ્લામાં રામકૃષ્ણ ભાવધારાનું એક કેન્દ્ર સ્થાપિત થાય તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી. ગુજરાતમાં વિવિધ પ્રવૃત્તિઓના માર્ગદર્શક સ્વામી નિખિલેશ્વરાનંદજી મહારાજે ધરમપુર ખાતે નવનિર્મિત શ્રી રામકૃષ્ણ મંદિરના રવિવારે યોજાનારા ઉદ્ઘાટન અને લોકાર્પણ પ્રસંગને આવકારતાં તમામ કેન્દ્રોને શૈક્ષણિક, આધ્યાત્મિક અને સેવાકીય પ્રવૃત્તિઓનો વ્યાપ વધારવા પ્રેરિત કર્યા હતા. સ્વામી આત્મદીપાનંદજી મહારાજે યુવાનોને વધુમાં વધુ પુસ્તકો વાંચવાની પ્રેરણા આપી હતી. આ પ્રસંગે નવા

નિયુક્ત યુવા સંયોજકોએ પણ પોતાના કેન્દ્રોના અહેવાલો રજૂ કર્યા હતા અને ભવિષ્યની કામગીરી માટે માર્ગદર્શન મેળવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સ્વામી નિખિલેશ્વરાનંદજી (રાજકોટ), સ્વામી આત્મદીપાનંદજી (પોરબંદર), સ્વામી સુખાનંદજી (ભુજ), સ્વામી પ્રભુસેવાનંદજી (અમદાવાદ), સ્વામી ગુણાશ્રેયાનંદજી (લીંબડી), સ્વામી સેવાવ્રતાનંદજી (બિલાસપુર), સ્વામી ઈષ્ટમયાનંદજી (વડોદરા) અને સ્વામી મંત્રેશાનંદજી (આદિપુર)એ પોતાના માર્ગદર્શક વક્તવ્યો દ્વારા ભાવિ આયોજન અંગે મૂલ્યવાન સૂચનો આપ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન બકુલેશભાઈ એસ. ધોળકિયાએ કર્યું હતું.

નર્મદા જિલ્લાના ભદામ તથા ખડગદા ખાતે જાહેરસભા સંબોધતા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના નિર્માણ થકી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતનું ગૌરવ વિશ્વ સ્તરે વધાર્યું છે-શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

અંબાજીથી ઉમરગામ સુધીના ૧૪ જિલ્લાના ૫૨ તાલુકાઓમાં વસતા આદિવાસી ભાઈ-બહેનોનો સર્વાંગી વિકાસ ભાજપા માટે હંમેશ પ્રાથમિકતા રહ્યો છે -શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

નારીશક્તિ વંદન અધિનિયમનો વિરોધ કરીને દેશની ૭૦ કરોડ મહિલાઓનું અપમાન કરનાર કોંગ્રેસને રાજ્યની માતા-બહેનો જડબાતોડ જવાબ આપશે-શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

કમલમ્,

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અન્વયે ભારતીય જનતા પાર્ટીના પ્રચાર અભિયાન અંતર્ગત ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના ભદામ તથા ગરુડેશ્વર તાલુકાના ખડગદા ખાતે જાહેરસભામાં સંબોધન કર્યું હતું. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ તેમના અધ્યક્ષીય સંબોધનમાં જણાવ્યું હતું કે, વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના નિર્માણ થકી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતનું ગૌરવ વિશ્વ સ્તરે વધાર્યું છે. જે નર્મદા ડેમનું સપનું સરદાર પટેલે જોયું હતું, તેને પૂર્ણ કરવાની પ્રબળ રાજકીય ઈચ્છાશક્તિ સાથે શ્રી મોદીજીએ દાખવીને તેને પૂર્ણ કર્યો છે. ભૂતકાળમાં કોંગ્રેસના ઈરાદાપૂર્વકના અવરોધક વલણને કારણે ડેમની ઊંચાઈ વધારવામાં જે વિલંબ થયો અને લાખો ક્યુસેક પાણી વહી જતું હતું, ત્યારે શ્રી મોદીજીએ વડાપ્રધાન બન્યાના માત્ર ૧૭ જ દિવસમાં દરવાજા લગાવવાની મંજૂરી આપીને ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમનું કાર્ય પૂર્ણ કર્યું છે. આજે 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' પ્રવાસન ક્ષેત્ર સહેલાણીઓ માટે પસંદગીનું સ્થાન બન્યું છે. કેવડિયામાં પિંકરિક્ષા દ્વારા બહેનો આત્મનિર્ભર બની છે અને પ્રવાસનના વિકાસથી મોટા પ્રમાણમાં રોજગારીનું સર્જન થયું છે. વિપક્ષની નકારાત્મક માનસિકતા પર આકરા પ્રહાર કરતા તેમણે જણાવ્યું કે, કોંગ્રેસ માત્ર ચૂંટણી ટાણે દેખાતી અને ત્યારબાદ અદ્રશ્ય થઈ જતી પાર્ટી છે. જેમણે નારીશક્તિ વંદન અધિનિયમનો વિરોધ કરીને દેશની ૭૦ કરોડ મહિલાઓનું અપમાન કર્યું છે, તેમને હવે રાજ્યની માતા-બહેનો જડબાતોડ જવાબ આપશે. ભાજપા પ્રત્યેના જનતાના અતૂટ વિશ્વાસનું પરિણામ છે કે વિપક્ષને ઉમેદવાર શોધવામાં પણ ફાંફા પડ્યા છે. કે આજે રાજ્યમાં ૭૦૦થી વધુ બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ થયા છે. કમળના ફુલવાળી પાર્ટી માત્ર વાતોમાં નહીં, પણ આયોજનબદ્ધ વિકાસમાં માને છે. ગુજરાતના વિકાસની ગાથા આજે ઘર-ઘર સુધી પહોંચી છે. ભાજપ સરકાર માટે અંબાજીથી ઉમરગામ સુધીના ૧૪ જિલ્લાના ૫૨ તાલુકાઓમાં વસતા આદિવાસી ભાઈ-બહેનોનો સર્વાંગી વિકાસ હંમેશા પ્રાથમિકતા રહ્યો છે. શ્રી નરેન્દ્રભાઈ મોદી એક આદિવાસી સમાજની દીકરી શ્રીમતી દ્રૌપદી મુર્મૂજીને દેશના સર્વોચ્ચ રાષ્ટ્રપતિ પદ માટે પસંદ કરી સમગ્ર આદિવાસી સમાજનું ગૌરવ વધાર્યું છે. બંગાળમાં શ્રીમતી દ્રૌપદી મુર્મૂજીનું થયેલું અપમાન એ આદિવાસી સમાજની અસ્મિતા પર પ્રહાર છે. જે શાસનમાં કેન્દ્રના ૧ રૂપિયામાંથી માત્ર ૧૫ પૈસા પહોંચતા હતા, તેની સામે આજે મોદી સરકારમાં વચેટિયાઓ વગર પુરે પૂરી સહાય લાભાર્થીના ખાતામાં જમા થાય છે. તેઓએ મહત્તમ મતદાન સાથે ભાજપાના સૌ ઉમેદવારોને ભવ્ય વિજય અપાવવા માટે અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપા અધ્યક્ષશ્રી નીલકુમાર રાવ, જિલ્લા ભાજપા પ્રભારીશ્રી અર્જૂનભાઈ ચૌધરી, ધારાસભ્યશ્રીઓ, સંગઠનના પદાધિકારીઓ, સિનિયર આગેવાનો, અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને સમર્થકો ઉપસ્થિત રહ્યા હતાં.

વલસાડ જિલ્લાના સેગવા ખાતે તથા સુરત જિલ્લાના ચલથાણ ખાતે વિકાસ સંકલ્પ સભાને સંબોધિત કરતા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી

વિપક્ષોને રાજ્યમાં પૂરતા ઉમેદવાર પણ નથી મળ્યા, ૭૨૦થી વધુ બેઠકો પર ભાજપે બિનહરીફ વિજય પ્રાપ્ત કરી ઇતિહાસ રચ્યો છે-શ્રી હર્ષભાઈ સંઘવી

ગુજરાતની અસ્મિતાને ઠેસ પહોંચાડનાર લોકોનો હિસાબ ગુજરાતની જનતા જાતે કરશે-શ્રી હર્ષભાઈ સંઘવી

કોંગ્રેસ અને તેના સાથી પક્ષોની ટોળકીએ બહેનોને સંસદમાં તેમનો અધિકાર મળતો અટકાવવાનું ઘોર પાપ કર્યું છે-શ્રી હર્ષભાઈ સંઘવી

વિપક્ષ દ્વારા માત્ર મત મેળવવા માટે આપવામાં આવતા પ્રલોભનોમાં આવ્યા સિવાય વલસાડની જનતા વિકાસની આ યાત્રામાં અડીખમ રહીને ભાજપાને વિજયી બનાવશે-શ્રી હર્ષભાઈ સંઘવી

કમલમ્,

રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ વલસાડ જિલ્લાના સેગવા ખાતે તથા સુરત જિલ્લાના ચલથાણ ખાતે વિકાસ સંકલ્પ સભાને સંબોધન કર્યું હતું. આ પ્રસંગે શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, ભારે ગરમીમાં પણ ઉમટી પડેલી જનમેદની એ સાબિત કરે છે કે જનતા વિકાસને સમર્થન કરવા માટે કટિબદ્ધ છે. વિપક્ષ પણ મતદારોનો મિજાજ પારખી ગયો છે. વિપક્ષોને રાજ્યમાં પૂરતા ઉમેદવાર પણ નથી મળ્યા. ૭૨૦થી વધુ બેઠકો પર ભાજપે બિનહરીફ વિજય પ્રાપ્ત કરી ઈતિહાસ રચ્યો છે. ગુજરાતની અસ્મિતાને ઠેસ પહોંચાડનાર લોકોનો હિસાબ ગુજરાતની જનતા જાતે કરશે. તેમણે કહ્યુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દેશની રાજનીતિમાં વહેલી તકે મહિલાઓની ભાગીદારી વધારવાના ઉમદા આશય સાથે નારીશક્તિ વંદન અધિનિયમ સંશોધન બિલ લાવ્યા હતાં. કોંગ્રેસ અને તેના સાથી પક્ષોની ટોળકીએ બહેનોને સંસદમાં તેમનો અધિકાર મળતો અટકાવવાનું ઘોર પાપ કર્યું છે. ગુજરાતની માતાઓ-બહેનો આ મહિલા વિરોધી લોકોને ઓળખી ગઈ છે. શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું કે, કોંગ્રેસના શાસનમાં ગામડાઓમાં પાણી સુદ્ધાં પહોંચતું નહોતું, જ્યારે મોદીજીએ 'નળ સે જળ' યોજના દ્વારા ઘરે-ઘરે પાણી પહોંચાડવાનું ભગીરથ કાર્ય કર્યું છે. ખેડૂતોને કિસાન સન્માન નિધિ દ્વારા વર્ષે ૬ હજાર રૂપિયા સીધા ખાતામાં મળી રહ્યા છે. તેઓએ યુવાનો, મહિલાઓ સહિત સમાજના પ્રત્યેક વર્ગ માટે ભાજપા સરકારે કરેલા વિવિધ કાર્યો અંગે વિગતવાર જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે, ભાજપા સરકાર નાગરીકોને વધુમાં વધુ સુવિધા આપી જીવનસ્તર સુધારવાના કામને સતત આગળ વધારી રહી છે. વિપક્ષ દ્વારા માત્ર મત મેળવવા માટે આપવામાં આવતા પ્રલોભનોમાં આવ્યા સિવાય કોંગ્રેસના પંજા અને અન્ય પક્ષનો સફાયો કરીને વલસાડની જનતા વિકાસની આ યાત્રામાં અડીખમ રહીને ભાજપાને વિજયી બનાવશે. આ કાર્યક્રમમાં રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ શ્રી કનુભાઈ દેસાઈ, શ્રી નરેશભાઈ પટેલ, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ગૌતમભાઈ ગેડીયા, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી અરવિંદભાઈ પટેલ, પ્રદેશમંત્રીશ્રી સોનલબેન સોલંકી, પ્રદેશ સહ પ્રવકતા અને સાંસદશ્રી ધવલભાઈ પટેલ, વલસાડ જિલ્લા ભાજપા પ્રમુખશ્રી હેમંતભાઈ કંસારા, સુરત જિલ્લા ભાજપા પ્રમુખશ્રી ભરતભાઈ રાઠોડ, વલસાડ જિલ્લાના પ્રભારી શ્રી વિનયભાઈ શુકલા, સુરત જિલ્લા પ્રભારી જિલ્લા સંગઠનના પદાધિકારીઓ, આગેવાનો, કાર્યકર્તાઓ અને સમર્થકો ઉપસ્થિત રહ્યા હતાં.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028